RP Web Solutions
RP WEB SOLUTIONS
Website For Everyone...
Ronak Palan
Web Consultant
+91 84888 55506
rpwebsolutions2020@gmail.com

(ટેક્ષ સંલગ્ન તથા અન્ય મહત્વના સમાચાર પ્રસિદ્ધ કરતું માસિક)

# ટેક્ષ ટુડે

RNI No.GUJGUJ/2016/74805

Tax Today (Monthly)

Website
flamingoclubresort.com
Contact
+91 98244 21700
+91 95589 87734
+91 99241 21700
Flamingo
Club & Resort
Starting Soon
Delwada-Diu Road, Una.

Post. Regn. No. G-JND/338/2020-2022. - Office of posting Una Post Office on 3rd Monday of Every Month

◆ વર્ષ: ૬, ◆ અંક: ૧૧, ◆ સળંગ અંક: ૭૧, ◆ તા.૧૭/૦૯/૨૦૨૨, શનિવાર, ◆ પાના-૪, ◆ છૂટક અંકની કિંમત રૂા.૨૦, ◆ વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- (કુરીયર સાથે રૂા.૩૦૦/-)
◆ તંત્રી-માલિક અને પ્રકાશક: ભવ્ય દિપકભાઇ પોપટ, ◆ પ્રકાશન સ્થળ: ૨૦૨-૨૦૩, ધ્રુવ કોમ્પ્લેક્ષ, પોલીસ લાઇન સામે, ઉના, જી.ગીર સોમનાથ-૩૬૨૫૬૦
◆ ફોન : ૦૨૮૭૫-૨૨૧૭૦૦, ફેક્સ: ૦૨૮૭૫-૨૨૧૭૦૦, મો. : ૯૯૨૪૧ ૨૧૭૦૦ ◆ મુદ્રણ સ્થળ : પ્રથમેશ ઓફસેટ, ગોંદરા ચોક, ઉના

e-mail: taxtodayuna@gmail.com ◆ e-mail: editor@taxtoday.co.in ◆ www.taxtoday.co.in

પ્રતિશ્રી,

## ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસો. દ્વારા અમદાવાદ ખાતે રિફ્રેશર કોર્સનું આયોજન

### બ્રેઈન ટ્રસ્ટ દ્વારા સભ્યોના પ્રશ્નોના નિષ્ણાંતો દ્વારા આપવામાં આવ્યા જવાબો



તા. ૦૬.૦૯.૨૦૨૨: ધી ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન દ્વારા જી.એસ.ટી. ના વિષય ઉપર પોતાના સભ્યોને અદ્યતન માહિતી આપવા અનિલ શેઠ મેમોરિયલ રિફરેશર કોર્સનું આયોજન વર્ષ દરમ્યાન કરવામાં આવતું હોય છે. આ પ્રકારનો બીજા અનિલ શેઠ મેમોરિયલ રીફ્રેશર કોર્સનું આયોજન અમદાવાદ મેનેજમેંટ એસોસીએશન ખાતે તારીખ ૦૬ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યું હતું. આ રિફરેશર કોર્સનું આયોજન બ્રેઈન ટ્રસ્ટ સ્વરૂપે કરવામાં આવ્યું હતું. અમદાવાદના જાણીતા એડવોકેટ ઉચિતભાઈ શેઠ, વારીસભાઈ ઈસાની, કુંતલભાઈ પરિખ તથા વડોદરાના અભયભાઈ દેસાઇ દ્વારા બ્રેઈન ટ્રસ્ટી (વક્તા) તરીકે સેવા આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સભ્યોના પ્રશ્નોને વાચા આપવાની સેવા સંસ્થાના ભૂતપુર્વ પ્રમુખ નિગમભાઈ શાહ દ્વારા આપવામાં આવી હતી. એસોસીએશનના સભ્યો દ્વારા પુછવામાં આવેલ સવાલોનો વિગતવાર જવાબ વકતાઓ દ્વારા આપવામાં આવ્યા હતા. રિફરેશર કોર્સ કમિટીના કન્વીનર અનિલભાઈ પરિખ તથા તેમની ટિમ દ્વારા રિફરેશર કોર્સનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. એસોસીએશન પ્રમુખ હર્નિશભાઈ મોઢ દ્વારા આ કાર્યક્રમના તમામ વક્તાઓ તથા સમગ્ર રાજ્યમાંથી પધારેલ સભ્યોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રિફરેશર કોર્સ સમાપન પ્રસંગે સંસ્થાના સેક્રેટરી (આઉટસ્ટેશન) શશાંકભાઈ મીઠાઈવાલા તરફથી રિફરેશર કોર્સના સફળ આયોજન બદલ રિફરેશર કોર્સ કન્વીનર અનિલભાઈ પરિખ તથા તેમની ટિમ તથા ફંક્શન કમિટીના દીપકભાઈ શાહ, તેજસભાઈ શાહ તથા તેમની ટિમનો ખાસ આભાર માનવમાં આવ્યો હતો. આ રિફરેશર કોર્સમાં સમગ્ર રાજ્યમાંથી ૨૦૦ થી વધુ સભ્યોએ ભાગ લીધો હતો.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## દ્વારકા ખાતે ૧ અને ૨ ઓક્ટોબરના રોજ યોજાશે નેશનલ ટેક્સ કોન્ફરન્સ

### દેશભરના ટેક્સ નિષ્ણાંતો લેશે ભાગ

ઓલ ઈન્ડિયા ફેડરેશન ઓફ ટેક્સ પ્રેકટિશનર્સ (WZ), નેશનલ એસોસીએશન ઓફ ટેક્સ પ્રોફેશનલ્સ (NATP-WZ) અને ધ ગુજરાત સેલ્સ ટેક્સ બાર એસોસીએશન, ટેક્સ એડવોકેટ એસોસીએશન ઓફ ગુજરાત તથા જામનગર બ્રાન્ચ ઓફ WIRC, ધ કોમર્શિયલ ટેક્સ પ્રેકટિશનર્સ એસોશીએશન જામનગર, જામનગર ટેક્સ કન્સલ્ટન્ટસ એસોસીએશનજેવી મોટી સંસ્થાઓ સાથે મળી આ નેશનલ ટેક્ષ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

તા. ૧૨.૦૯.૨૦૨૨: ગુજરાતના જાણીતા યાત્રાધામ દેવભૂમિ દ્વારકા ખાતે આગામી ૦૧ અને ૦૨ ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ નેશનલ ટેક્સ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ છે. ટેક્સ પ્રોફેશનલ્સની દેશભરના મોટા સંગઠનો અને ગુજરાતના ટેક્સ પ્રોફેશનલ્સના મોટા સંગઠનો સાથે મળી આ કોન્ફરન્સનું આયોજન કરવાના છે.

**સૌરાષ્ટ્રના જાણીતા યાત્રાધામ દ્વારકામાં યોજાનાર કોન્ફરન્સમાં રાજયના ટેક્સ પ્રોફેશનલ્સને અને ટેક્સ ટુડેના વાંચકોને જોડાવા ખાસ અપીલ**

આ કોન્ફરન્સમાં મુખ્ય અતિથિ તરીકે દેશના નાણાંમંત્રી ઉપસ્થિત રહે તેવી સંભાવના છે. અતિથિ વિશેષ તરીકે સુપ્રીમ કોર્ટના જજ જસ્ટિસ જે.બી. પારડીવાલા પણ ઉપસ્થિત રહે તેવી સંભાવના છે. આ ઉપરાંત જામનગરના સાંસદ પુનમબેન માડમ પણ આ કોન્ફરન્સમાં ઉપસ્થિત રહેશે. ઈન્કમ ટેક્સ અને જી.એસ.ટી. ઉપરના મહત્વના વિષયો ઉપર આ કોન્ફરન્સમાં નિષ્ણાંતો પોતાના વકતાવ્યો આપશે. આ કોન્ફરન્સ ગુજરાત અને તેમાં પણ ખાસકરીને સૌરાષ્ટ્રમાં યોજાનાર હોય આયોજકો દ્વારા સમગ્ર રાજયના ટેક્સ પ્રોફેશનલ્સને આ કોન્ફરન્સમાં રજીસ્ટર કરાવવા ખાસ અપીલ કરવામાં આવેલ છે.

## હવે સોનાના વેચાણ માટે પણ બનાવવું પડી શકે છે ઈ વે બિલ!!

### ઈ વે બિલ પોર્ટલ પર શરૂ કરવામાં આવી સગવડ. જો કે જે તે રાજ્યો દ્વારા આ અંગે નોટિફિકેશન બહાર પાડવામાં આવે ત્યારબાદ બનશે વેપારીઓ માટે ફરજિયાત

તા.૧૩-૦૯-૨૦૨૨: જી.એસ.ટી. હેઠળ ૫૦૦૦૦ થી વધુ મૂલ્યના માલ સંદર્ભે માલ વહન સાથે ઈ વે બિલ બનાવવું ફરજિયાત રહેતું હોય છે. સોના જેવા અતિ મૂલ્યવાન વસ્તુ માટે ઈ વે બિલ બનાવવું હાલ ફરજિયાત નથી. હવે સરકારના સૂચનોને ધ્યાને લઈ જી.એસ.ટી. રેઈટ શિડ્યુલના HSN ચેપ્ટર ૭૧ હેઠળ પડતાં સોના માટે પણ ઈ વે બિલ બનાવવું ફરજિયાત બનાવવામાં આવે તેવી માહિતી મળી રહી છે. આ ઈ વે બિલ રાજ્યમાં થતી માલની હેરફેર કે આંતરરાજ્ય માલની હેરફેર એમ બન્ને માટે ફરજિયાત બની શકે છે. આ માટેની સેવા ઈ વે બિલ પોર્ટલ ઉપર હાલ શરૂ કરવામાં આવી છે. જો કે જે તે રાજ્ય સરકાર દ્વારા નોટિફિકેશન દ્વારા જાહેર કરવામાં આવે ત્યાર પછીથી આ ઈ વે બિલ બનાવવું સોનાના વેપારીઓ માટે ફરજિયાત બનશે. સોનાના વેચાણ માટે ઈ વે બિલ અંગે ઈ વે બિલ પોર્ટલ ઉપર અલગથી વિકલ્પ આપવામાં આવ્યો છે. સોનાના વેચાણ સંદર્ભે ઈ વે બિલ બનાવનારને ઈ વે બિલ Part A જ બનાવવાનું રહેશે. સામાન્ય રીતે માલ વેચાણ સંદર્ભે બનાવવાના થતાં ઈ વે બિલ માટે ભરવાનું થતું Part B કે જેમાં માલ વહન કરનાર ગાડીની વિગતો આપવાની થતી હોય છે તે સોનાના વેચાણ સંદર્ભે આપવાની રહેશે નહીં. જ્યારે માલનું વેચાણ માત્ર HSN ચેપ્ટર ૭૧ ના માલ (સોના) માટે જ થતું હોય ત્યારે આ પ્રકારના ખાસ ઈ વે બિલનો વિકલ્પ લેવાનો રહેશે. જ્યારે માલ વેચાણમાં સોના ઉપરાંત અન્ય કોઈ માલ સાથે હોય ત્યારે સામાન્ય રીતે જેમ ઈ વે બિલ બનાવવામાં આવે છે તેવી રીતે જ ઈ વે બિલ વેપારીએ બનાવવાનું રહેશે. સોના માટે બનાવવાના થતાં આ ઈ વે બિલમાં Part B ભરવાનું થતું ના હોય ટ્રાન્સપોર્ટરની વિગતો અપડેટ કરવાની, કન્સોલિડેટેડ ઈ વે બિલ બનાવવાની, ઈ વે બિલની સમયમર્યાદા વધારવાની કે મલ્ટી વિહિકલ ઈ વે બિલ બનાવવાની સગવડ મળશે નહીં. જો કે સોનાનું વેચાણ કરતાં વેપારીઓને ઈ વે બિલ કેન્સલ કરવાની અને રિજેક્ટ કરવાની સગવડ સામાન્ય ઈ વે બિલની જેમ જ મળી રહેશે. સોના જેવી કિંમતી વસ્તુઓના વેચાણ સાથે જોડાયેલ વેપારીઓ માટે હાલ ઈ વે બિલ બનાવવું ફરજિયાત નથી. ટૂંક સમયમાં દરેક રાજ્યો સોના જેવી HSN ચેપ્ટર ૭૧ ની ચીજવસ્તુઓ માટે પણ ઈ વે બિલ ફરજિયાત બનાવશે તેવી માહિતી સૂત્રો પાસેથી મળી રહી છે.

**ભવ્ય પોપટ, ટેક્સ ટુડે**

## GSTR 3B ભરવામાં આવ્યા છે આ મહત્વના ફેરફારો... જે જાણવા છે તમારા માટે જરૂરી

**તા. ૧૨.૦૯.૨૦૨૨**

જી.એસ.ટી. કાયદા હેઠળ કંપોઝીશનની પરવાનગી ધરાવતા હોય તે સિવાયના કરદાતાએ પોતાનું માસિક અથવા તો ત્રિમાસિક રિટર્ન GSTR 3Bમાં ભરવાનું રહેતું હોય છે. આ ઉપરાંત આવા કરદાતાએ પોતાની વેચાણની વિગતો GSTR 1માં માસિક અથવા તો ત્રિમાસિક ધોરણે આપવાની થતી હોય છે. મૂળભૂત રીતે જી.એસ.ટી. હેઠળ GSTR 1, GSTR 2 અને GSTR 3 ભરવાની પદ્ધતિ સૂચવવામાં આવી હતી. પરંતુ જમીની સ્તરે આ પદ્ધતિ વ્યાવહારિક રીતે શક્ય બની ના હતી. આ કારણે GSTR 3Bના સ્વરૂપે એક સમરી રિટર્ન શરૂઆતના તબક્કામાં લાગુ કરવામાં આવ્યું હતું. પરંતુ આજે પાંચ વર્ષ પછી પણ આ GSTR 3Bમાં પ્રાથમિક રીતે શરૂ કરવામાં આવેલ રિટર્ન જ જી.એસ.ટી. હેઠળ મૂળભૂત રિટર્ન બની રહ્યું છે. આ GSTR 3B ભરવામાં ૦૧ સપ્ટેમ્બર ૨૦૨૨ થી મહત્વના ફેરફારો સૂચિત કરવામાં આવ્યા છે. ઓગસ્ટ ૨૦૨૨ કે તે પછી ભરવાના થતાં રિટર્નમાં આ ફેરફારો લાગુ પડશે. ઓગસ્ટ ૨૨ પહેલાના રિટર્નમાં આ ફેરફારોની કોઈ અસર રહેશે નહીં.

**શું છે આ GSTR 3B**

અગાઉ જેમ જણાવ્યુ તેમ GSTR 3B એ કંપોઝીશનની પરવાનગી ધરાવતા કરદાતાઓ સિવાયના કરદાતાઓને ભરવાનું થતું હોય છે. આ ફોર્મ એ પોતાના ટર્નઓવર મુજબ માસિક કે ત્રિમાસિક ધોરણે કરદાતાએ ભરવાનું થતું હોય છે. આ ફોર્મ દ્વારા કરદાતા પોતાના કુલ વેચાણ, આ વેચાણ ઉપર ભરવાનો થતો IGST, CGST-SGST તથા Cessની વિગતો આપવાની રહેતી હોય છે. આ ઉપરાંત કરદાતા દ્વારા માસિક કે ત્રિમાસિક ધોરણે માંગવાની થતી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ આ ફોર્મ દ્વારા માંગવામાં આવે છે. કુલ ભરવાપાત્ર ટેક્સ માંથી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ બાદ કરવામાં આવે ત્યારે જે ભરવાપાત્ર ટેક્સ છે તે પણ આ GSTR 3B ફોર્મ દ્વારા જ સેટ-ઓફ થતો હોય છે.


**ઓગસ્ટ મહિના પછીના GSTR 3B ભરવામાં શું રાખવી પડશે કાળજી??**

જી.એસ.ટી. હેઠળ નોટિફિકેશન ૧૪/૨૦૨૨, તા: ૦૫.૦૭.૨૦૨૨ બહાર પાડી GSTR 3Bમાં મહત્વના ફેરફારો કરવામાં આવ્યા છે. કરદાતાના આઉટપુટ વિભાગની વાત કરીએ તો કરદાતાએ હવે પોતે જ્યારે ઈ કોમર્સ ઓપરેટર (ફ્લિપકાર્ટ, એમેઝોન, સ્વીગી, મિશો વી.) દ્વારા જ્યારે વેચાણ કરવામાં આવે અને જ્યારે તેનો ટેક્સ ઈ કોમર્સ ઓપરેટર દ્વારા ભરવાનો થતો હોય તેવી રકમ હવે કરદાતા દ્વારા પોતાના GSTR 3Bમાં ૩.૧.૧માં અલગથી દર્શાવવાનો રહેશે.

આ ઉપરાંત કરદાતા દ્વારા ક્લેઈમ કરવામાં આવતી ઈન્પુટ ટેક્સ ક્રેડિટના સંદર્ભે વધુ મહત્વના ફેરફારો લાગુ કરવામાં આવ્યા છે. આ ફેરફારોને મુદ્દાવાર સમજાવા પ્રયાસ કરવામાં આવ્યો છે.
ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવાના કોલમ માં કરવામાં આવ્યો છે મહત્વનો ફેરફાર.

**GSTR 3Bમાં સુધારેલા કોલમની વિગતો નીચે મુજબ છે**

૦૧ સપ્ટેમ્બર ૨૦૨૨થી આ ટેબલમાં ફેરફાર કરવામાં આવ્યા છે. આ સંદર્ભે GSTN દ્વારા બહાર પાડવામાં આવી છે અતિ મહત્વના સૂચનાઓ. ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરતાં કરદાતાઓએ નીચેની બાબતો પર ખાસ ધ્યાન આપવાનું રહેશે.




એવી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જે ભવિષ્યમાં ફરી ક્લેઈમ કરવાની થતી નથી તેવી તમામ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ઉપર પૈકી ટેબલ ૪(B)(૧)માં દર્શાવવાની રહેશે. આ ક્રેડિટમાં જી.એસ.ટી. નિયમ ૩૮, ૪૨ અને ૪૩ હેઠળ રિવર્સ કરવાની થતી ક્રેડિટ અને જી.એસ.ટી. કાયદા હેઠળ કલમ ૧૭(૫) હેઠળ રિવર્સ કરવાની થતી ક્રેડિટનો સમાવેશ થશે. જી.એસ.ટી. નિયમો હેઠળ કોઈ કરદાતા કરપાત્ર તથા કરમુક્ત માલ કે સેવાનું વેચાણ કરતો હોય ત્યારે તેઓની ક્રેડિટ નિયમ ૪૨ અને નિયમ ૪૩ હેઠળ સપ્રમાણ રિવર્સ કરવાની રહે. જી.એસ.ટી. કાયદાની ૧૭(૫) હેઠળ બ્લોક ક્રેડિટ સૂચવવામાં આવેલ છે. આ ક્રેડિટમાં મોટર વિહીકલની ખરીદી, રેસ્ટોરન્ટમાં જમણ ઉપર ચૂકવાયેલ જી.એસ.ટી.ની ખરીદી, બ્યુટી ટ્રીટમેંટ, સ્થાવર મિલ્કત બાંધકામમાં ઉપર ચૂકવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ક્રેડિટ જેવી ક્રેડિટ ક્લેઈમ કરવાની સદંતર બ્લોક કરવામાં આવેલ છે. આમ, જી.એસ.ટી. હેઠળ નિયમ ૩૮, ૪૨ તથા ૪૩ તથા જી.એસ.ટી. કાયદાની કલમ ૧૭(૫) હેઠળની રિવર્સ કરવા પાત્ર ક્રેડિટ ૪(B)(૧) માં દર્શાવવાની રહે છે.

એવી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ કે જે હાલ રિવર્સ કરવામાં આવેલ છે પરંતુ ભવિષ્યમાં રી ક્લેઈમ કરવાની થાય તેવી ઈન્પુટ ટેક્સ ક્રેડિટને ૪(B)(૨) માં દર્શાવવાની રહે. આવી ક્રેડિટ જ્યારે ફરી ક્લેઈમ કરવામાં આવે ત્યારે આ ક્રેડિટને ૪(A)(૫) All Other ITCમાં ક્લેઈમ કરવાની રહેશે. આ ફરી ક્લેઈમ કરવામાં આવેલ ઈન્પુટ ટેક્સ ક્રેડિટની વિગતો 3B ના કોલમ ૪(D)(૧) માં દર્શાવવાની રહેશે. જી.એસ.ટી. હેઠળ કરદાતા દ્વારા કોઈ પણ ઈન્પુટ ટેક્સ ક્રેડિટ ક્લેઈમ કરવામાં આવેલ હોય તે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અંગેના બિલની ચુકવણી વ્યવહાર થયો હોય તેના ૧૮૦ દિવસમાં ચૂકવી આપવામાં આવે તે જરૂરી છે. જો આવી રકમ ૧૮૦ દિવસમાં ના ચૂકવવામાં આવેલ હોય તો તે ક્રેડિટ કરદાતાએ રિવર્સ કરવાની રહે છે. કરદાતા જ્યારે આ ચુકવણી કરે ત્યારે તેઓને આ ક્રેડિટ રી ક્લેઈમ કરવાની રહે છે.

જે ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જે GSTR 2Bમાં દર્શાવતી હોય પરંતુ જી.એસ.ટી હેઠળ સમયમર્યાદાના કારણે અથવા તો પ્લેસ ઓફ સપ્લાય ના કારણે ના ક્લેઈમ થઈ શકે તેવી ક્રેડિટ GSTR 3Bના કોલમ ૪ (D)(૨)માં દર્શાવવાની રહે. કરદાતા સમાન્ય રીતે કોઈ પણ વર્ષની ક્રેડિટ પછીના વર્ષના સપ્ટેમ્બર મહિનાના GSTR 3Bની મુદત સુધી ક્લેઈમ કરી શકે છે. જ્યારે આવી ક્રેડિટ GSTR 2Bમાં દર્શાવે પરંતુ આ ક્રેડિટ માંગવાનો સમય જતો રહ્યો હોય ત્યારે આવી ક્રેડિટ આ કોલમમાં દર્શાવવાની રહેશે. આ ઉપરાંત ઘણી વાર કરદાતાના GSTIN ઉપર એવી ક્રેડિટ દર્શાવવામાં આવે જેની પ્લેસ ઓફ સપ્લાય તેઓનો જી.એસ.ટી. નંબર જે રાજ્યમાં છે તે સિવાયના રાજ્યમાં હોય, તેવી ક્રેડિટ કરદાતાને મળવા પાત્ર નથી. આવી ક્રેડિટ પણ કરદાતાએ આ કોલમ ૪(D)(૨)માં દર્શાવવાની રહે. ઉદાહરણ તરીકે જ્યારે ગુજરાતમાં જી.એસ.ટી. ધરાવતો વેપારી, મુંબઈ ધંધાના કામ માટે જાય અને હોટેલમાં રોકાય, અને આવી હોટેલ જ્યારે ગુજરાતના જી.એસ.ટી. નંબર ઉપર બિલ બનાવી મહારાષ્ટ્રનો CGST તથા SGST ઉઘરાવે અને GSTR 1માં દર્શાવે ત્યારે, ગુજરાતના વેપારીના GSTR 2Bમાં દર્શાવતા હોય આમ છતાં ગુજરાતના કરદાતાને આ ક્રેડિટ મળે નહીં કારણકે આ વ્યવહાર માટેની પ્લેસ ઓફ સપ્લાય મહારાષ્ટ્ર રાજ્ય છે. આ પ્રકારની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ GSTR 3Bમાં કોલમ ૪(D)(૨)માં દર્શાવવાની રહેશે.

સામાન્ય રીતે જી.એસ.ટી. હેઠળ રિટર્ન ભરવાની કામગીરી માટે કરદાતાઓ ટેક્સ પ્રોફેશનલ્સની સેવાઓ લેતા હોય છે. આ ટેક્સ પ્રોફેશનલ્સ તો આ તમામ બાબતો વિષે અવગત હોતા હોય છે. પરંતુ થોડા ઘણા એવા કરદાતાઓ પણ છે જેઓ પોતાના જી.એસ.ટી. હેઠળના વિવિધ રિટર્ન પોતે જાતે અથવા એકાઉન્ટન્ટ દ્વારા જ કરાવતા હોય છે. આ લેખ ખાસ એવા કરદાતાઓ માટે ઉપરોક્ત માહિતી વધુ ઉપયોગી સાબિત થશે.

# જી.એસ.ટી. હેઠળ સર્ક્યુલર બહાર પાડી કરવામાં આવ્યા મહત્વના ખુલાસા

**તા. ૧૦.૦૮.૨૦૨૨:**

જી.એસ.ટી. કરપ્રણાલી મૂળભૂત રીતે ગુડ એન્ડ સિમ્પલ ટેક્સ બને તેવું સૌ કોઈ ઇચ્છતા હતા. ૦૧ જુલાઇ ૨૦૨૨ થી લાગુ થયેલ જી.એસ.ટી. હેઠળ અસંખ્ય નોટિફિકેશન તથા સર્ક્યુલર બહાર પાડવામાં આવ્યા. આ નોટિફિકેશનો તથા સર્ક્યુલરો ના કારણે જ આજે પાંચ વર્ષ પછી જી.એસ.ટી. વધુને વધુ ગૂંચવાડ ભર્યો બની રહ્યો છે. કેન્દ્ર અને રાજ્ય સરકારોના નાણાંમંત્રી સહિતના વ્યક્તિઓથી બનેલ જી.એસ.ટી. કાઉન્સીલ જી.એસ.ટી. અંગે સરકારને સૂચનો આપે છે. આ સૂચનોને ધ્યાને લઈ જી.એસ.ટી.ની અમલવારી કરવા જવાબદાર સેન્ટરલ બોર્ડ ઓફ ઇંડાયરેક્ટ ટેક્સ એન્ડ કસ્ટમ્સ (CBIC) દ્વારા આ અંગે વિવિધ જાહેરનામા (નોટિફિકેશન) તથા પરીપત્રો (સર્ક્યુલર) બહાર પડે છે. ૦૩ ઓગસ્ટના રોજ CBIC દ્વારા વિવિધ માલ અને સેવાઓ ઉપર જી.એસ.ટી. લાગુ થશે કે નહીં અને થશે તો ક્યાં દરે જી.એસ.ટી. લાગુ થશે તે અંગે પરિપત્ર નંબર ૧૭૭/૦૯/૨૦૨૨ બહાર પાડવામાં આવ્યો છે. આ પરિપત્રની મહત્વની બાબતો પર આ લેખમાં સમજણ આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

### આઈસ્ક્રીમ પાર્લર ઉપર જી.એસ.ટી.નો દર:

આઈસ્ક્રીમના વિવિધ ઉત્પાદકો પોતાના દ્વારા ઉત્પાદિત આઇસ્ક્રીમ ઘણીવાર આઇસ્ક્રીમ પાર્લર દ્વારા આઇસ્ક્રીમનું વેચાણ કરતાં હોય છે. આવા આઈસક્રીમ પાર્લર સીધી રીતે કંપનીના હોય અથવા તો અન્ય વ્યક્તિઓ પણ આ પ્રકારના આઇસ્ક્રીમ પાર્લર ધરાવતા કે ચલાવતા હોય છે. આવા આઇસ્ક્રીમ પાર્લરમાં બેઠક વ્યવસ્થા હોય છે જ્યાં બેસી ગ્રાહક આઇસ્ક્રીમ ખાઈ શકે છે. આ આઇસ્ક્રીમ પાર્લર રેસ્ટોરન્ટ ગણી ૫% જી.એસ.ટી. લાગુ પડે તેવો ઘણાનો મત હતો. ધાણા કરદાતા આ સેવાને રેસ્ટોરન્ટની સેવા ગણી ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લીધા વગર ૫% લેખે જી.એસ.ટી. ભરતા હતા. ૦૬.૧૦.૨૦૨૧થી CBIC એ સર્ક્યુલર દ્વારા એ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે આવા આઇસ્ક્રીમ પાર્લર એ રેસ્ટોરન્ટ ગણાય નહીં અને તેઓ દ્વારા વેચાણ કરવામાં આવતા આઇસ્ક્રીમ ઉપર ૧૮%ના દરે જી.એસ.ટી. લાગુ પડે. આ આઇસ્ક્રીમ પાર્લરને પોતાની ખરીદીની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ પણ મળે. ૦૧ જુલાઇ ૨૦૧૭ થી ૦૫.૧૦.૨૦૨૧ સુધી ઘણા કરદાતાઓએ ૫% લેખે આ વેચાણ ઉપર જી.એસ.ટી. ભર્યો છે અને પોતાની મોટી ઈન્પુટ જતી કરી છે તેવી રજૂઆત સરકારને મળી હતી. આ પ્રકારના આઈસ્ક્રીમ પાર્લર માટે તેઓને નિયમિત થવાની એક તક આપવામાં આવેલ છે. વેપાર જગતની રજૂઆત સ્વીકારી ૦૧. ૦૭.૨૦૧૭ થી ૦૫.૧૦.૨૦૨૧ના ગાળા વચ્ચે જે આઇસ્ક્રીમ પાર્લર દ્વારા ઈન્પુટ લીધા સિવાય ૫% લેખે જી.એસ.ટી. ભર્યો હશે તેઓ પાસેથી ૧૮%ના દરે વસૂલાત કરવામાં આવશે નહીં. જે આઇસ્ક્રીમ પાર્લર દ્વારા ૧૮% લેખે જ જી.એસ.ટી. ભરવામાં આવ્યો હોય તેઓને કોઈ રિફંડ મળશે નહીં તેવી પણ સ્પષ્ટતા કરવામાં આવી છે.

### જિનિંગ કરેલ બેલ્સમાં રહેલ કોટન વેરહાઉસમાં સંગ્રહ થાય તે સેવા ઉપર જી.એસ.ટી:

જિનિંગ કરેલ કોટન બેલ્સ વેરહાઉસમાં (ગોડાઉન)માં સંગ્રહ કરવામાં આવે ત્યારે તેના ઉપર સી.જી.એસ.ટી. રેઈટ નોટિફિકેશન ૧૨/ ૨૦૧૭ની એન્ટ્રી 24B હેઠળ કરમુક્તિનો લાભ મળતો હતો. હવે ૧૮.૦૭.૨૦૨૨ થી આ સેવા ઉપર મળતી જી.એસ.ટી.ની કરમુક્તિ પાછી ખેંચવામાં આવેલ છે તેવી સ્પષ્ટતા આ સર્ક્યુલરમાં કરવામાં આવી છે.




### ફાસ્ટ ટેગ ના હોય તેવી સ્થિતિમાં વધારાનો વસૂલવામાં આવતા ટોલ ટેક્સ ઉપર જી.એસ.ટી. લાગુ પડે?

સી.જી.એસ.ટી. રેઈટ નોટિફિકેશન ૧૨/ ૨૦૧૭ની એન્ટ્રી ૨૩ મુજબ રોડ, બ્રિજ ના ટોલ ચાર્જિસ ઉપર જી.એસ.ટી. લાગુ પડે નહીં. હાલ ટોલનું કલેક્શન ફાસ્ટ ટેગ દ્વારા જ કરવામાં આવે છે. અમુક સંજોગોમાં કોઈ ગાડી પાસે ફાસ્ટ ટેગ ની સુવિધા ના હોય ત્યારે તેઓ દ્વારા મૂળ ટોલ ટેક્સની બે ગણી જેવી અંદાજિત રકમ ચૂકવવી પડતી હોય છે. આ અંગે પ્રશ્ન ઉઠી રહ્યા હતા કે શું આ વધારાના ટોલ ઉપર જી.એસ.ટી.ની કરમુક્તિ મળી રહે? આ અંગે આ પરિપત્રમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે આ વધારાની ફી પણ ટોલ ટેક્સ જ ગણાય અને વધારાની ફી ઉપર પણ જી.એસ.ટી. ની કરમુક્તિ લાગુ પડશે.

### શું IFV સારવાર ઉપર જી.એસ.ટી. લાગુ પડે?

IVF જેવી અસિસ્ટેડ રીપ્રોડકટિવ ટેકનોલોજિ (ART) ઉપર જી.એસ.ટી. લાગુ પડે કે તેનો સમાવેશ સી.જી.એસ.ટી. રેઈટ નોટિફિકેશન ૧૨/ ૨૦૧૭ ની એન્ટ્રી ૭૪ મુજબ કરમુક્ત બને તે અંગે વિવિધ પ્રશ્નો ઉઠી રહ્યા હતા. આ અંગે આ પરિપત્રમાં સ્પષ્ટતા કરતાં જણાવાયું છે કે IVF એ એક પ્રકારની બીમારીની સારવાર જ ગણાય. આ સેવા એન્ટ્રી ૭૪ માં હેલ્થ કેર સર્વિસ ગણાય અને આ IVF ઉપર જી.એસ.ટી. લાગુ પડે નહીં તેવી સ્પષ્ટતા આ પરિપત્રમાં કરવામાં આવી છે.

### શું જમીનનું લેવલ કરાવવું, ડ્રેનેજ સિસ્ટમ લગાડવી વી. જેવા જમીન સુધારણાના કાર્યો કર્યા બાદ થતાં વેચાણ ઉપર જી.એસ.ટી. લાગુ પડે?

જમીનના વેચાણ ઉપર જી.એસ.ટી. લાગુ થતો નથી. પરંતુ જમીનનું લેવલ કરાવી, રસ્તા બનાવી, ડ્રેનેજ સિસ્ટમ લગાડવી જેવા જમીન સુધારણાના કર્યો કરી જમીન વેચાણ કરવામાં આવે તો તેના ઉપર જી.એસ.ટી. લાગે તેવા ચુકાદા AAR (ઓથોરીટી ફોર એડવાન્સ રૂલિંગ)માં આપવામાં આવ્યા હતા. આ અંગે આ પરિપત્રમાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ પ્રકારે જમીનને સુધારણા કરીને માત્ર જમીન સ્વરૂપે વેચાણ કરવામાં આવે તો જી.એસ.ટી. પરિશિષ્ટ IIIની એન્ટ્રી ૫ માંજ પડે તેના ઉપર જી.એસ.ટી. લાગુ પડે નહીં.

### કંપની કરદાતાઓ કઈ પરિસ્થિતીમાં મોટર વિહિકલ ભાડા ઉપર RCM ભરવા જવાબદાર બનશે?

કોઈ કંપની સિવાયના કરદાતા પાસેથી જ્યારે કંપની મોટર વિહિકલ ભાડે લે છે ત્યારે આ ભાડા ઉપર કંપની રિવર્સ ચાર્જ મિકેનીઝમ RCM હેઠળ જી.એસ.ટી. ભરવા કંપની જવાબદાર બને છે. આ વ્યવહારો સબંધે પ્રશ્નો ઉઠી રહ્યા હતા કે આ RCMની જવાબદારી ટ્રાન્સપોર્ટેશન ઓફ પેસેંજર સર્વિસ ઉપર આવે કે રેંટિંગ ઓફ મોટર વિહિકલ ઉપર આવે. આ અંગે આ પરિપત્રમાં ખુલાસો કરવામાં આવ્યો છે કે કંપની જ્યારે પોતાના કર્મચારી માટે એક ગામથી બીજા ગામની યાત્રા માટે જ જે સેવા લે તે સેવા ટ્રાન્સપોર્ટેશન ઓફ પેસેંજર્સ સેવા ગણાય અને તેના ઉપર કંપનીની RCMની જવાબદારી આવે નહીં. માત્ર એવા વ્યવહાર કે જ્યાં કંપની મોટર વિહિકલ ભાડા ઉપર લે છે અને આ વાહનો કંપનીની મરજી મુજબ અને તેમના નિયંત્રણ હેઠળ કોઈ પણ સ્થળે લઈ જવા ભાડે રાખવામા આવ્યા હોય છે અને નિશ્ચિત દરે ભાડું મહિના કે દિવસો મુજબ આપવાનું થતું હોય છે તેવા વ્યવહારો રેંટિંગ ઓફ મોટર વિહિકલ ગણાય અને આવા ભાડાની રકમ કંપની RCM મુજબ જી.એસ.ટી. ભરવા જવાબદાર બને.

જી.એસ.ટી. હેઠળ આ મહત્વના ખુલાસા આપવામાં આવ્યા છે. આ ખુલાસાઓ પરિપત્ર દ્વારા હોય, આકારણી કરતાં અધિકારીઓ સંપૂર્ણ રીતે બાધ્ય હોય, કરદાતાઓ આ ખુલાસા તથા સ્પષ્ટતાનો લાભ પોતાની આકારણીમાં કરદાતાઓને મળી શકે છે.

**By Bhavya Popat**

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૦૮ ઓગસ્ટ ૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

# માલિકી ધોરણે ધંધો કરવો વધુ ફાયદાકારક છે કે ભાગીદારી પેઢી તરીકે??

**તા. ૦૬.૦૯.૨૦૨૨**

એક ટેક્સ પ્રોફેશનલ તરીકે આ પ્રશ્ન અસીલો દ્વારા અવારનવાર પુછવામાં આવતો હોય છે. ઇન્કમ ટેક્સ, જી.એસ.ટી. જેવા કરવેરા અંગેના કાયદા હેઠળ માલિકી ધોરણે ધંધો કરવો સારો વિકલ્પ રહે કે ભાગીદારી પેઢી બનાવી ધંધો કરવામાં આવે તે વધુ હિતાવહ રહે? એક બાબત સમજવી ખૂબ જરૂરી છે કે ધંધો માલિકી ધોરણે કરવામાં આવે કે ભાગીદારીમાં કરવામાં આવે, આ પૈકી શ્રેષ્ઠ વિકલ્પ અંગે નિર્ણય એ દરેક પરિસ્થિતી પ્રમાણે અલગ અલગ રહેતો હોય છે. આજે આ લેખમાં સામાન્ય સંજોગોમાં આ પ્રશ્નની માહિતી આપવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

### માલિકી ધોરણે ધંધો કરાવવાના ફાયદા-ગેરફાયદા

માલિકી ધોરણે ધંધો કરવો એ ધંધો કરવાની સૌથી પ્રાથમિક વ્યવસ્થા છે. માલિકી ધોરણે ધંધો કરવા કરદાતા માટે સૌથી સરળ વિકલ્પ રહેતો હોય છે. માલિકી ધોરણે ધંધો કરવામાં ભાગીદારી પેઢી માટે બનાવવાનો રહેતો ભાગીદારી દસ્તાવેજ, કંપની કરદાતાઓ માટે બનાવવાના થતાં મેમોરેન્ડ્મ અને આર્ટિકલ્સ ઓફ એસોશીએશન જેવા કોઈ દસ્તાવેજો બનાવવાના રહેતા નથી. માલિકી ધોરણે ધંધો કરવા ઇચ્છતા કરદાતાઓ માટે ઇન્કમ ટેક્સ હેઠળ વ્યક્તિનો પોતાનો પરમેનન્ટ એકાઉન્ટન્ટ નંબર (PAN)એ જ માલિકી ધંધા માટે નો PAN ગણવામાં આવતો હોય છે. આમ, માલિકી ધોરણે ધંધો કરવા માટે અલગથી PAN લેવાની જરૂરિયાત રહેતી હોતી નથી. આ ઉપરાંત ઇન્કમ ટેક્સ હેઠળ વ્યક્તિગત PAN ઉપર ભરવામાં આવતું રિટર્ન માંજ માલિકી ધોરણે કરવામાં આવતા ધંધા માટેનું રિટર્ન ગણાય છે. આથી વ્યક્તિગત રિટર્ન ઉપરાંત માલિકી ધોરણે થતાં ધંધા માટે અલગ ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવાની જરૂર રહેતી હોતી નથી. ઇન્કમ ટેક્સ કાયદા હેઠળ ઉત્પાદક, વેપાર, પ્રોફેશનલ્સ, ટ્રાન્સપોર્ટેશન જેવા માન્ય ધંધાઓ માટે કલમ 44AD, 44ADA, 44AE જેવી અંદાજિત આવક યોજના નો લાભ માલિકી ધોરણે થતાં ધંધામાં મહત્તમ મળે છે. આ લાભ સારી રીતે અને વધુ સલામત રીતે કર આયોજન કરવામાં ખૂબ ઉપયોગી સાબિત થાય છે. સામાન્ય રીતે માલિકી ધોરણે કરવામાં આવતા ધંધા માટે માત્ર મોટું ટર્નઓવર (૧ કરોડથી વધુ) થાય તેવા સંજોગો માંજ ઓડિટ કરાવવાની જવાબદારી ઉપસ્થિત થતી હોય છે. વ્યક્તિગત કરદાતા માટે આવકવેરાના દર સૌથી ઓછા રહેતા હોય છે. વ્યક્તિગત કરદાતાને બેઝિક એક્સેમ્પશનનો લાભ મળતો હોય છે. આ બેઝિક એક્સેમ્પશનનો ઉપરાંત વ્યક્તિગત કરદાતાને ૫%, ૨૦% તથા ૩૦% જેવા સ્લેબનો લાભ પણ મળતો હોય છે. આ ઉપરાંત માલિકી ધોરણે ધંધો ચલાવતા વ્યક્તિગત કરદાતાને આવકવેરા કાયદાની કલમ 87A હેઠળ રિબેટનો લાભ પણ મળતો હોય છે. માલિકી ધોરણે ધંધો કરતાં કરદાતા માટે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવું દરેક કિસ્સામાં ફરજિયાત રહેતું ના હોય. જ્યારે વ્યક્તિગત કરદાતાની આવક બેઝિક એક્સેમ્પશનનોથી વધુ હોય (હાલમાં ૨૫૦૦૦૦) ત્યારે જ કરદાતા ફરજિયાત ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવા જવાબદાર બને. આ ઉપરાંત નિયત ચુકવણી ઉપર કર કપાત (TDS) કરવાની જવાબદારી પણ ત્યારે જ ઉપસ્થિત થાય જ્યારે અગાઉના વર્ષમાં માલિકી ધોરણે ચાલતા ધંધાનું ઓડિટ કરાવવામાં આવ્યું હોય. જી.એસ.ટી.ની વાત કરીએ તો પણ માલિકી ધોરણે ધંધો કરવામાં નોંધણી મેળવવી સૌથી સરળ માનવમાં આવે છે.



માલિકી ધોરણે ધંધો કરવામાં કરદાતાને પોતે રોકવામાં આવેલ મૂડીના વ્યાજ તથા મહેનતાણું જેવા લાભ મળતાં નથી. આ ઉપરાંત માલિકી ધોરણે ધંધો કરવામાં માલિકની જવાબદારી સંપૂર્ણ રીતે અમર્યાદિત રહેતી હોય છે. ધંધો ફડચામાં જવાના કિસ્સામાં માલિકની અંગત મિલ્કત ઉપર પણ ટેક્સ ચૂકવવા તથા દેવું ચૂકવવાની જવાબદારી રહેતી હોય છે.

### ભાગીદારી પેઢી બનાવી ધંધો કરવાના ફાયદા-ગેરફાયદા

ધંધો કરવાનો અન્ય એક વિકલ્પ ભાગીદારી પેઢી બનાવી ધંધો કરવાનો રહેતો હોય છે.ભાગીદારી પેઢીમાં ૨ ભાગીદારોથી માંડીને ૫૦ ભાગીદારો જોડાઈ શકતા હોય છે. ભાગીદારી પેઢી શરૂ કરવા ભાગીદારી દસ્તાવેજ બનાવવો જરૂરી રહેતો હોય છે. આ ભાગીદારી દસ્તાવેજ એ ભાગીદારી સ્થાપનાનો સૌથી મહત્વનો દસ્તાવેજ ગણવામાં આવે છે. આ ભાગીદારી દસ્તાવેજમાં ભાગીદારોના નામ, તેના હિસ્સા, ભાગીદારોને ચૂકવવાનું થતું વ્યાજ, મહેનતાણું, ભાગીદારોની જવાબદારી અંગે ઉલ્લેખ કરવામાં આવતો હોય છે. ભાગીદારી પેઢીની રજીસ્ટ્રાર ઓફ ફર્મ્સ માં નોંધણી કરાવવી ફરજિયાત નથી. પરંતુ ભાગીદારી પેઢીની નોંધણી કરાવવામાં આવે તે ઇચ્છનીય માનવમાં આવે છે. ઇન્કમ ટેક્સ હેઠળ વાત કરીએ તો ભાગીદારી પેઢીમાં ભાગીદારોને મૂડીનું વ્યાજ અને તેઓના ભાગીદારીમાં કરવામાં આવેલ કર્યો બદલ મહેનતાણું ચૂકવવામાં આવે છે. ભાગીદારી પેઢીને આ ભાગીદારોને ચૂકવવામાં આવેલ મૂડી વ્યાજ અને મહેનતાણું ભાગીદારી પેઢીને ખર્ચ તરીકે બાદ મળતું હોય છે. હાલ, આવક વેરા કાયદાની જોગવાઈ અનુસાર ભાગીદારોની મૂડી ઉપર મહત્તમ ૧૨% વ્યાજ ચૂકવી શકાય છે. આ ઉપરાંત ભાગીદારોને મહેનતાણું ચૂકવવા બાબતે પણ આવકવેરા કાયદા હેઠળ મહત્તમ મર્યાદા સૂચવવામાં આવી છે. ભાગીદારોની મૂડી જેટલી ઊંચી એટલો વધુ ફાયદો ભાગીદારી પેઢીને મળતો હોય છે. આમ, જે ધંધામાં ભાગીદારોની મૂડી વધુ રહેતી હોય છે તેવા ધંધા માટે માલિકી કરતાં ભાગીદારી પેઢી વધુ સારો વિકલ્પ સાબિત થતો હોય છે.

ભાગીદારી પેઢીનું અલગ PAN કરાવવાનું રહેતું હોય છે. આ સામે ભાગીદારી પેઢી માટે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત હોય છે. ધંધો કરવામાં આવ્યો હોય કે ના કરવામાં આવ્યો હોય, નફો થયો હોય કે ના થયો હોય, ભાગીદારી પેઢી માટે ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવું ફરજિયાત રહેતું હોય છે. ભાગીદારી પેઢીને કોઈ પણ બેઝિક એક્સેમ્પશન મર્યાદાનો લાભ મળતો નથી. ભાગીદારી પેઢી ઉપર ભાગીદારોને આપવામાં આવતા મૂડી વ્યાજ તથા મહેનતાણું બાદ કરી બાકી રહેતા નફા ઉપર ૩૦% ના ફ્લેટ દરે આવકવેરો લાગે છે. આ ઉપરાંત ઉત્પાદન, વેપાર, પ્રોફેશન, ટ્રાન્સપોર્ટેશન જેવા માન્ય ધંધા માટે નિયત ટકાવારીથી ઓછી આવક દર્શાવવામાં આવે ત્યારે ઓડિટ કરાવવું ફરજિયાત રહેતું હોય છે. અન્ય રીતે કહીએ તો ભાગીદારી પેઢીનું ટર્નઓવર ગમે તેટલું ઓછું હોય સામાન્ય રીતે ઓડિટ કરાવવા જવાબદારી ઉપસ્થિત થતી હોય છે. ભાગીદારી પેઢી માટે કોઈ ટર્નઓવરની મર્યાદા વગર કર કપાતની (TDS) જવાબદારી ઉપસ્થિત થતી હોય છે. ભાગીદારી પેઢીમાં પણ તમામ ભાગીદારોની જવાબદારી અમર્યાદિત રહેતી હોય છે.

કોઈ પણ ધંધો માલિકી ધોરણે કરવામાં આવે કે ભાગીદારી પેઢી તરીકે કરવામાં આવે, આ દરેક કિસ્સામાં દરેક પરિસ્થિતી મુજબ નિર્ણય લેવામાં આવે તે જરૂરી છે. આ નિર્ણય લેવામાં વ્યક્તિ પોતાના ટેક્સ પ્રોફેશનલ્સ એવા એડવોકેટ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે ટેક્સ કન્સલ્ટન્ટની સલાહ લેવામાં આવે તે જરૂરી છે.

**By Bhavya Popat**

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં ૦૫ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

# AIS અને TIS છે કરદાતા માટે છે ઉપયોગી કે આફતરૂપ??

## ઈન્કમ ટેક્સ હેઠળ કરદાતાની આવક તથા આર્થિક વ્યવહારોની માહિતી દર્શાવે છે AIS તથા TIS

**તા.૦૪.૦૮.૨૦૨૨**


ઇન્કમ ટેક્સ હેઠળ રિટર્ન ભરવાની પદ્ધતિમાં સતત ફેરફાર થતાં રહેતા હોય છે. આ પદ્ધતિમાં છેલ્લા બે વર્ષથી આમૂલ પરીવર્તન આવી ગયું છે. ઇન્કમ ટેક્સ પોર્ટલ ઉપર કરદાતા પોતાના આર્થિક વ્યવહારોની માહિતી એન્યુઅલ ઇન્ફોર્મેશન સ્ટેટમેન્ટ એટ્લે કે AIS તથા ટેક્સ પેયર્સ ઇન્ફોર્મેશન સમરી એટલે કે TIS દ્વારા જોઈ શકે છે. AIS હેઠળ કરદાતાને તેઓના તમામ મોટા વ્યવહારોની વિગતો મળે છે જ્યારે TIS હેઠળ કરદાતાને પોતાની આવક સબંધી મહત્વની માહિતી મળી રહેતી હોય છે. આ AIS તથા TIS એ અન્ય કરદાતાઓ દ્વારા જે તે કરદાતા સાથેના વ્યવહારો ઉપરથી તૈયાર કરવામાં આવતું હોય છે. આ ઉપરાંત બેન્ક, સબ રજીસ્ટ્રાર ઓફિસ, વિવિધ શેર માર્કેટની બ્રોકર કંપનીઓ, મ્યૂચઅલ ફંડ કંપનીઓની વિગતો ઉપરથી આ તૈયાર થતું હોય છે.

### શું છે આ AIS તથા TIS?

સામાન્ય ભાષામાં વાત કરીએ તો AIS એક એવું પત્રક છે જે પત્રકમાં કરદાતા દ્વારા કરવામાં આવેલ વિવિધ નાણાકીય વ્યવહારોની ત્રાહિત વ્યક્તિઓ પાસેથી મળેલ માહિતીની વિગતો હોય છે. આ વિગતોમાં કરદાતા દ્વારા બેન્કમાં કરવામાં આવેલ રોકડ-જમા ઉપાડ, મોટી મિલ્કતની ખરીદી-વેચાણ, કોઈ એક ઉત્પાદક-વેપારી પાસેથી કરવામાં આવેલ મોટી ખરીદીઓ, શેર બજારના મોટા વ્યવહાર જેવી વિગતોનો સમાવેશ થાય છે. આ વિગતો ઉપરથી કરદાતાને ઇન્કમ ટેક્સ ભરવામાં ઉપયોગી માહિતી સંક્ષિપ્ત સ્વરૂપમાં TISમાં આપવામાં આવે છે. કરદાતા TIS ઉપરથી પોતાના રિટર્ન ભરવા માટે ઘણી ઉપયોગી માહિતી મેળવી શકે છે.

### આ વિગતો કરદાતા માટે છે ઉપયોગી કે આફતરૂપ??

AIS તથા ખાસ કરીને TISની વિગતો ગત વર્ષથી કરદાતાઓને ઉપલબ્ધ કરવવામાં આવી છે. આ વિગતો કરદાતા માટે ઉપયોગી છે કે આફતરૂપ છે તે વિષે અનેક પ્રશ્નો અને વિવિધ મંતવ્યો ઉપસ્થિત થતાં હોય છે. આ બાબતે ટેક્સ પ્રોફેશનલ્સમાં પણ અલગ અલગ મંતવ્યો રહેતા હોય છે. એક ટેક્સ એડવોકેટ તરીકે હું ચોક્કસ માનું છું કે AIS અને ખાસ કરીને TIS દ્વારા પ્રાપ્ત થતી વિગતો કરદાતા માટે ઉપયોગી છે. TISની વિગતો કરદાતા માટે આફત સમાન નહીં પણ ચેતવણી સમાન ગણી શકાય. અગાઉ આ પ્રકારની ઘણી વિગતો આકારણી અધિકારીને પોતાના સોફ્ટવેરમાં તો દર્શાવતી જ હતી. આ વિગતોનો ઉપયોગ કરી ઘણા કરદાતાઓના કેસોમાં આકારણી તથા ફેર આકારણી કરવામાં આવતી હોય તેવા અનેક ઉદાહરણો છે. હવે જ્યારે આ માહિતી AIS તથા TISમાં કરદાતાને ઉપલબ્ધ કરવવામાં આવેલ છે ત્યારે કરદાતા પાસે રહેલી આ માહિતીનો યોગ્ય ઉપયોગ કરી પોતાનું રિટર્ન અને તેમાં દર્શાવેલ આવકો આ AIS/ TISનો અભ્યાસ કરી દર્શાવવામાં આવે તે જરૂરી છે. જો કરદાતા તથા તેમના ટેક્સ પ્રોફેશનલ્સ દ્વારા યોગ્ય કાળજી રાખી આ વિગતોનો ઉપયોગ કરી ઇન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં આવે તો ચોક્કસ આ AIS તથા TIS કરદાતા માટે ઉપયોગી સાબિત થતી હોય છે. પરંતુ જો કોઈ કરદાતા આ વિગતોને ધ્યાને લીધા સિવાય પોતાનું રિટર્ન ગાફેલ રહીને ભરવામાં આવે તો આ AIS તથા TISની માહિતી તેના માટે આફતરૂપ પણ બની શકે છે.




### AIS કે TIS ધ્યાને લીધા સિવાય ભરવામાં આવેલ રિટર્ન રિવાઈઝ કરી શકાય છે!!

૩૧ જુલાઈ સુધીમાં સામાન્ય રીતે ઓડિટ લાગુ ના પડતું હોય તેવા કરદાતાઓ એ પોતાના રિટર્ન ભરી આપવાના હોય છે. આ મુદતમાં આ લેખ લખાઈ રહ્યો છે ત્યાં સુધી (૨૯.૦૭.૨૦૨૨ સુધી) કોઈ વધારો જાહેર કરવામાં આવ્યો નથી. ઘણા કરદાતા એવા છે કે જેઓએ AIS તથા TISને ધ્યાને લીધા સિવાય પોતાના ઇન્કમ ટેક્સ રિટર્ન ભરી આપ્યા છે. આવા કરદાતાઓમાં મોટાભાગે એવા કરદાતાઓનો સમાવેશ થાય છે કે જેઓ પોતાનું ઇન્કમ ટેક્સ રિટર્ન જાતે, કોઈ ટેક્સ પ્રોફેશનલની મદદ લીધા વિના ભરી આપતા હોય છે. સામાન્ય રીતે ટેક્સ પ્રોફેશનલ્સ AIS તથા TISની ઉપયોગિતા બરાબર સમજે છે અને આથી તેઓ દ્વારા ભરવામાં આવેલ રિટર્નમાં આ પ્રકારે AIS/ TIS ધ્યાને ના લેવામાં આવ્યું હોય તેવું જવલ્લેજ બને. કોઈ પણ સંજોગોમાં જો કરદાતાએ પોતાનું ઇન્કમ ટેક્સ રિટર્ન AIS અને TIS ધ્યાને લીધા સિવાય ભર્યું હોય તેઓ તેઓ દ્વારા AIS તથા TIS ચકાસી જરૂર લાગે તો પોતાનું ઇન્કમ ટેક્સ રિટર્ન રિવાઈઝ કરી આપવું હિતાવહ છે.

### AIS અથવા TISમાં દર્શાવવામાં આવેલ માહિતી સાચી ના હોય તો કરદાતા પાસે શું છે વિકલ્પ??

ઉપર જણાવેલ છે તેમ AIS તથા TISની માહિતી ઇન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ત્રાહિત વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ હોય છે. ક્યારે એવી શક્યતા પણ રહેતી હોય છે કે આ માહિતી આપવામાં કોઈ ભૂલ થયેલ હોય. જ્યારે AIS કે TISની માહિતી સાચી ના હોય તેવા સંજોગોમાં કરદાતાએ આ ખોટી માહિતી અંગે ઇન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ફિડબેક આપવો જરૂરી છે. આ ફિડબેકમાં કરદાતા દર્શાવી શકે છે કે AIS કે TISમાં તેમના PAN ઉપર દર્શાવવામાં આવેલ માહિતી તેઓની નથી. કરદાતા જાણતા હોય કે આ માહિતી ક્યાં PAN (કરદાતા)ને લગતી છે તો તે અંગે તે PAN દર્શાવી ફિડબેક આપી શકે છે. આ માહિતી જે વર્ષમાં દર્શાવવામાં આવેલ હોય તે સિવાયની હોય તો પણ કરદાતા આ અંગે વર્ષ બાબતે ફિડબેક આપી શકે છે. આ માહિતી અધૂરી કે સંપૂર્ણપણે સાચી ના હોય કે સંપૂર્ણ પણે માહિતી ખોટી હોય તો પણ કરદાતા આ ફિડબેક આપી આ માહિતીનો અસ્વીકાર કરી શકે છે.

ઇન્કમ ટેક્સ પોર્ટલ ઉપર ૦૧ નવેમ્બર ૨૦૨૧થી શરૂ કરવામાં આવેલ AIS તથા TISની સગવડ કરદાતા માટે ફાયદાકારક ગણી શકાય. પોતાના ઇન્કમ ટેક્સ રિટર્નમાં કઈ માહિતી ભરવી જરૂરી છે તેનો અંદાજ તેઓને આવી જતો હોય છે. આ ઉપરાંત AIS-TISના કારણે ક્યારેક શરત ચૂકથી કોઈ આવક કે વ્યવહાર દર્શાવવામાં ચૂક થયેલ હોય તો પણ આ માહિતી ઉપરથી કરદાતા આ આવક કે વ્યવહાર યોગ્ય રીતે દર્શાવી શકે છે.

**By ભવ્ય પોપટ,**
**એડિટર ટેક્સ ટુડે**

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની ૦૧ ઓગસ્ટ ૨૦૨૨ની વ્યાપારભૂમિ પૂર્તિમાં પ્રકાશિત થયેલ છે.)**

(આ અખબાર પ્રકાશિત કરવામાં શક્ય તેટલી કાળજી લેવામાં આવેલ છે. છતાં આ લેખનાં વિચારો લેખકોના અંગત મંતવ્યો પર આધાર રાખે છે. ટેક્ષ ટુડે માલિક અથવા તંત્રી આ અંગે કોઈ રીતે જવાબદાર રહેતા નથી.)

# કરદાતાને સુનાવણીની તક આપ્યા વગર જી.એસ.ટી. નંબર સસ્પેન્ડ કરવાની જોગવાઈ અંગે સરકારને નોટિસ આપતી મુંબઈ હાઈકોર્ટ

## જી.એસ.ટી.ના નિયમ 21Aની બંધારણીય વૈધતા પડકારતી અરજી સ્વીકારી સરકારને આપવામાં આવી નોટિસ



**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

તા. ૧૧.૦૯.૨૦૨૨: જી.એસ.ટી. નિયમો હેઠળના નિયમ 21A મુજબ જી.એસ.ટી. હેઠળ નોંધાયેલ કરદાતા દ્વારા જી.એસ.ટી. હેઠળ નિયમોના પાલનમાં ચૂક કરવામાં આવેલ હોય તેવા સંજોગોમાં તેને સુનાવણીની કોઈ તક આપ્યા સિવાય તેનો જી.એસ.ટી. નંબર તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાની ગંભીર જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈની બંધારણીય વૈધતા પડકારતી અરજી મુંબઈ હાઈકોર્ટમાં SAT Industries કમિં. દ્વારા દાખલ કરવામાં આવી છે. આ અરજી (રિટ પિટિશન ૩૬૪૩/૨૦૨૨) સ્વીકારી હાઈકોર્ટની જસ્ટિસ એ.એસ. ડોક્ટર તથા જસ્ટિસ કે. આર. શ્રીરામની બેન્ચ દ્વારા આ કેસના સમવાળા કેન્દ્ર સરકાર તથા મહારાષ્ટ્ર સરકારને નોટિસ પાઠવવામાં આવી છે. સરકારને ૧૦.૧૦.૨૦૨૨ સુધીમાં આ બાબતે પોતાનો પક્ષ રાખવા જણાવવામાં આવ્યું છે. આ સાથેજ બેન્ચ દ્વારા કરદાતાને 'ઈંટરિમ રિલિફ' (વચગાળાની રાહત) આપતા રિટ પીટીશનર કંપની કે જેઓનો જી.એસ.ટી. નંબર જી.એસ.ટી. નિયમ 21A હેઠળ નોટિસ આપી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી આપવામાં આવ્યો હતો તે સસ્પેન્શન આદેશ સ્થગિત્ત કરવા આદેશ કરવામાં આવ્યો છે. આ અંતરીમ આદેશ દ્વારા અરજકર્તાનો જી.એસ.ટી. નોંધણી નંબર તાત્કાલિક ધોરણે પુનઃસ્થાપિત કરવા આદેશ કરવામાં આવ્યો છે. જી.એસ.ટી. હેઠળ વેપારીઓને કોઈ પણ સુનાવણીની તક આપ્યા વગર, તેમના નોંધણી દાખલ એક યા બીજા કારણોસર સ્થગિત કરવાના અનેક દાખલા રોજ બરોજ સામે આવી રહ્યા છે. ત્યારે આ કેસ દ્વારા આ પ્રકારના સસ્પેન્શન આદેશ સામે કરદાતાને મહત્વની રાહત મળી રહેશે તેવી આશા સેવાઈ રહી છે. આ કેસની હવે પછીની સુનાવણી ૧૦ ઓક્ટોબર ૨૦૨૨ ના રોજ હાથ ધરવામાં આવશે.

# ઈન્કમ ટેક્સ રિફંડ ઉપર વ્યાજ ખરેખર રિફંડ ચૂકવવામાં આવેલ હોય ત્યાં સુધી લાગુ પડેઃ ITAT જયપુર

## માત્ર ૧૪૩(૧) હેઠળ ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેંટ દ્વારા આદેશ પસાર કરવામાં આવે તો વ્યાજની જવાબદારી પૂરી થાય નહીં

તા. ૦૫.૦૯.૨૦૨૨: ઈન્કમ ટેક્સ અપેલેટ ટ્રાઈબ્યુનલની જયપુર બેન્ચ દ્વારા એક મહત્વનો આદેશ પસાર કરતાં ઠરાવ્યું છે કે ઈન્કમ ટેક્સ હેઠળ રિફંડ ઉપર વ્યાજ ચૂકવવાની જવાબદારી ખરેખર રિફંડ ચૂકવવામાં આવે ત્યાં સુધી ચાલુ રહે. કરદાતા મંગલમ આર્ટ્સ દ્વારા પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ફાઈલ કરી રિફંડ માંગવામાં આવ્યું હતું. ઈન્કમ ટેક્સની કલમ ૧૪૩(૧) હેઠળ ૨૧.૧૧.૨૦૧૯ ના રોજ પસાર કરવામાં આવ્યો હતો. કરદાતાને આ રિફંડ ૧૧.૦૬.૨૦૨૦ ના રોજ જમા મળ્યું હતું. ઈન્કમ ટેક્સની કલમ ૧૪૩(૧) હેઠળ ના આદેશમાં ૦૧.૦૪.૨૦૧૮ થી ૩૦.૧૧.૨૦૧૮ સુધી વ્યાજ ગણી કરદાતાને ચૂકવવામાં આવ્યું હતું. ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 244A હેઠળ જ્યારે કોઈ કરદાતાને રિફંડ ચૂકવવાનું થાય ત્યારે આકારણી વર્ષના પ્રથમ દિવસથી જે દિવસે રિફંડ ચૂકવવામાં આવે ત્યાં સુધી વ્યાજ ચૂકવવાની જોગવાઈ છે. બન્ને પક્ષોની દલીલ સાંભળી ITAT જયપુર બેન્ચના માનનીય જ્યુડિશિયલ સભ્ય શ્રી સંદીપ ગોસેંઈન તથા એકાઉન્ટ મેમ્બર શ્રી કમલેશ રાઠોડ દ્વારા મહત્વનો આદેશ આપી ઠરાવવામાં આવ્યું હતું કે માત્ર ૧૪૩(૧) હેઠળ ઈંટીમેશન આપવામાં આવે તે મહિના સુધીનું જ વ્યાજ ગણવામાં આવે તે યોગ્ય નથી. ઈન્કમ ટેક્સની કલમ 244A હેઠળ રિફંડ ખરેખર ચૂકવવામાં આવે ત્યાં સુધી વ્યાજ ચૂકવવું જરૂરી બને છે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

# TDSના પુરાવા વગર તેની ક્રેડિટ આપી શકાય નહીંઃ ITAT મુંબઈ

તા. ૦૧.૦૯.૨૦૨૨:ઇનકમ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (ITAT), મુંબઈ બેન્ચે એક મહત્વનો આદેશ આપતા જણાવ્યુ હતું કે 26AS માં TDS ક્રેડિટ દર્શાવતી ના હોય ત્યારે TDS પ્રમાણપત્રની ગેરહાજરીમાં TDS ક્રેડિટનો દાવો માન્ય રાખી શકાય નહીં. કરદાતા DZ બેંક દ્વારા ભારતીય કરદાતાઓને લોન આપી હતી અને જેના વ્યાજ ચુકવણી માંથી લોન લેનારાઓએ TDS કપાત કરી હતી. આકારણી અધિકારીએ TDS ની રકમને નામંજૂર કરવામાં આવી હતી. આ નામંજૂરીનું કારણ એ હતુ કે કરદાતાના 26 ASમાં TDS દર્શાવતુ હતું નહીં. આ ઉપરાંત આકારણી દરમ્યાન કરદાતા TDS કપાત અંગે ફોર્મ 16A પણ રજૂ કરી શક્યા ના હતા. ભારતીય કરદાતા એવા લોન લેનારાઓએ ભારત અને જર્મની વચ્ચેના ડબલ ટેક્સેશન એવોઈડન્સ એગ્રીમેન્ટ (DTAA)ની કલમ ૧૧ અનુસાર TDS કર્યા પછી વ્યાજની આવક ચૂકવી છે. કરદાતાના વકીલ પી.જે. પારડીવાલા/જીત કામદારે દલીલ કરી હતી કે તેને માત્ર ચોખ્ખી રકમ જ મળી છે, એટલે કે, TDS કપાત પછી જ રકમ તેઓને ચૂકવવામાં આવી છે. આમ, કરદાતાને TDS ક્રેડિટની મંજૂરી રાખવામા આવવી જોઈએ. ઇન્કમ ટેક્સ ડિપાર્ટમેંટના વકીલ, સોમેન્દુ કુમાર દાશે દલીલ કરી હતી કે કરદાતાએ આવકના ચુકવણીકાર દ્વારા કર કાપવામાં આવ્યો હોવાના કોઈ પુરાવા રજૂ કર્યા નથી અને આ મુદ્દાને આકારણી અધિકારીને TDS ક્રેડિટની મંજૂરી આપવા માટે ફરીથી આકારણી અધિકારીની ફાઈલમાં પુનઃસ્થાપિત કરવામાં આવી શકે છે. આવકના ચુકવણીકારે TDS કર્યો છે કે નહીં તેની ચકાસણી કર્યા પછી જ કાયદા અનુસાર TDS અંગે ક્રેડિટ આપી શકાય છે. ટ્રિબ્યુનલે અવલોકન કર્યું કે કરદાતાએ વ્યાજની આવકના સંદર્ભમાં ટીડીએસની રકમની કોઈ વિગતો પણ રજૂ કરી નથી. કરદાતાના ખાતામાં જમા થયેલી રકમને પ્રતિબિંબિત કરવા માટે કરદાતા પક્ષકારોના ચોપડામાં કરદાતાએ આકારણીના ખાતાવહી ખાતાની કોઈ પ્રમાણિત નકલો પણ રજૂ કરી નથી. ઉપરોક્ત હકીકતો અને સંજોગો, વૈધાનિક જોગવાઈઓ અને ન્યાયિક દાખલાઓની પૃષ્ઠભૂમિમાં, અમે કર કપાત કરેલ સ્ત્રોતની ક્રેડિટ આપવાના આ મુદ્દાને આકારણી અધિકારીની ફાઈલને ચકાસણી માટે પુનઃસ્થાપિત કરવાનું યોગ્ય માનીએ છીએ. કોઈ પણ સંજોગોમાં પુરાવા વગર ઇન્કમ ટેક્સ ક્રેડિટ માન્ય રાખી શકાય નહીં. DZ બેન્ક ઈન્ડિયા વી. ડે. કમિશ્નર ઓફ ઇન્કમ ટેક્સ (ઇન્ટરનેશનલ ટેક્સેશન) ના કેસમાં આ મહત્વનો આદેશ પસાર કરવામાં આવ્યો છે.

**ભવ્ય પોપટ, એડિટર, ટેક્સ ટુડે**

# શેર બજારના વ્યવહારો વિષે જાણો આ મહત્વની બાબતો!!



**By ભવ્ય પોપટ, ટેક્સ એડવોકેટ**

**તા. ૧૯.૦૭.૨૦૨૨**

કોરોના કાળમાં ખાસ કરીને લોકડાઉન દરમ્યાન સામાન્ય લોકોના શેર બજારમાંના રોકાણમાં ખૂબ મોટા પ્રમાણમાં વધારો થયો છે તેવા અહેવાલો છે. એક ટેક્સ એડવોકેટ તરીકે જાણવા મળ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૧૯ ૨૦ ના અંત ભાગથી શરૂ કરીને નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ તથા નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના વર્ષમાં ઈન્કમ ટેક્સ રિટર્ન ભરતા કરદાતાઓ પૈકી મોટાભાગના (અથવા તો મોટા પ્રમાણમા) લોકો શેરબજાર તરફ વળ્યા હતા. શેર બજારના રોકાણમાં થયેલ આ વધારાના કારણે શેર બજાર ઉપર લાગતા ટેક્સ બાબતેના પ્રશ્નો પણ કરદાતાઓના તથા રોકાણકારોના મનમાં ઉદ્દભવે તે સામાન્ય છે. આજે આ લેખમાં શેર બજારના વ્યવહારો ઉપર લગતા ઈન્કમ ટેક્સ અંગેના સામાન્ય નિયમોની ચર્ચા કરવામાં આવેલ છે.

### ટૂંકા ગાળાનો મૂડી નફો (શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન)


ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ શેર ખરીદી કર્યાના ૧૨ મહિના સુધીમાંજ આ શેરનું વેચાણ કરવામાં આવે ત્યારે જે નફો ઉદ્દભવે તેને ટૂંકા ગાળાનો મૂડી નફો કે અંગ્રેજીમાં શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન (STCG) ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે શ્રીમતિ પોપટ દ્વારા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ૧૪ જુલાઈ ૨૦૨૧ના ખરીદી કરવામાં આવેલ હોય અને આ શેર તેઓ દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૨ ના રોજ વેચાણ કરી આપવામાં આવેલ હોય અને તેઓને જે નફો ઉદ્દભવે તેને શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ગણવામાં આવે છે. આવા ટૂંકા ગાળાના નફા ઉપર ૧૫%ના દરે ઈન્કમ ટેક્સ લાગુ પડે છે. કરદાતાની અન્ય આવક ઉપર જે કોઈ પણ દર લાગુ હોય પરંતુ શેર બજારના વ્યવહાર ઉપર જ્યારે શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ઉદ્દ્ભવેલ હોય ત્યારે તેના ઉપર ૧૫%ના દરે જ ઈન્કમ ટેક્સ લાગુ પડે છે. આ તકે એ બાબત જાણવી જરૂરી છે કે શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન એ માત્ર ડિલિવરી બેઈઝ વ્યવહારો માટે લાગુ પડે. શેરની ડિલિવરી લીધા સિવાય માત્ર ઈન્ટ્રા ડે વ્યવહારો જેવા વ્યવહારો માટે ઈન્કમ ટેક્સ હેઠળ અલગ જોગવાઈ લાગુ પડે છે જેની ચર્ચા હવે પછી આ લેખમાં કરવામાં આવેલ છે.

### લાંબા ગાળાનો મૂડી નફો (લોંગ ટર્મ કેપિટલ ગેઈન)

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ શેર ખરીદી કર્યાના ૧૨ મહિના બાદ આ શેરોનું વેચાણ કરવામાં આવે ત્યારે જે નફો ઉદ્દભવે તેને લાંબા ગાળાનો મૂડી નફો કે અંગ્રેજીમાં લોંગ ટર્મ કેપિટલ ગેઈન (LTCG) ગણવામાં આવે છે. ઉદાહરણ તરીકે શ્રીમતિ પોપટ દ્વારા રીલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેર ૧૪ જુલાઈ ૨૦૨૦ના ખરીદી કરવામાં આવેલ હોય અને આ શેર તેઓ દ્વારા ૩૧ માર્ચ ૨૦૨૨ના રોજ વેચાણ કરી આપવામાં આવેલ હોય અને તેઓને જે નફો ઉદ્દભવે તેને લોંગ ટર્મ કેપિટલ ગેઈન ગણવામાં આવે છે. લાંબા ગાળાના મૂડી નફા ઉપર ૧૦%ના રાહતકારક દરે ઈન્કમ ટેક્સ લાગુ પડે છે. જો કે લાંબા ગાળાના મૂડી નફા સંદર્ભે કરદાતાઓને ૧ લાખ સુધીની વિશિષ્ટ મુક્તિ આપવામાં આવેલ છે. આમ, કરદાતાને લાંબાગાળાનો મૂડી નફો ૧ લાખથી વધુ થાય તો તે વધારાના નફા ઉપર જ ૧૦%ના દરે વેરો ભરવાની જવાબદારી આવશે.

### લાંબા ગાળાના મૂડી નફા બાબતે ગ્રાન્ડફાધરિંગ ક્લોઝ અંગેની એક વિશિષ્ટ રાહત!!

ઈન્કમ ટેક્સ કાયદા હેઠળ નાણાકીય વર્ષ ૨૦૧૮ ૧૯ સુધી લાંબા ગાળાનો મૂડી નફો



કરમુક્ત હતો. લાંબા ગાળાના મૂડી નફો કેટલો પણ મોટો હોય તેના ઉપર ટેક્સની કોઈ જવાબદારી આવતી ના હતી. પરંતુ ૧ ફેબ્રુઆરીએ રજૂ કરવામાં આવેલ બજેટ ૨૦૧૮ માં આ કરમુક્તિ પાછી ખેચી લેવામાં આવી હતી. આ કરમુકિત પાછી ખેંચી હોવાની સાથે જ કરદાતાઓને એક વિશિષ્ટ લાભ આપવામાં આવ્યો છે. ૩૧ જાન્યુઆરી ૨૦૧૮ પહેલા જે કોઈ કરદાતાઓ એ કોઈ શેરની ખરીદી કરેલ હોય અને આ શેરનું વેચાણ તેઓ દ્વારા લાંબા ગાળા દરમ્યાન (૧૨ મહિના ધારણ કર્યા બાદ) કરવામાં આવે તો તેઓની ખરીદ કિંમતની ગણતરીમાં વિશિષ્ટ લાભ આપવામાં આવે છે. આ લાભની ગણતરી ટેકનિકલ હોય, આ પ્રકારના લાંબાગાળાના નફાની ગણતરી કરાવવા પોતાના ટેક્સ પ્રોફેશનલ્સની સલાહ લેવી જરૂરી છે.

### ઈન્ટ્રા ડે ટ્રેડિંગ ઉપર ટેક્સની જવાબદારીઃ

ઈન્ટ્રા ડે ટ્રેડિંગ એટ્લે એ પ્રકારના શેર બજારના વ્યવહાર જેમાં વ્યક્તિ ખરીદેલા શેરની ડિલિવરી પોતાના ડીમેટ એકાઉન્ટમાં આવે એ પહેલા જ તેનું વેચાણ કરી આપતા હોય. આ પ્રકારના શેર વ્યવહારને ઈન્કમ ટેક્સ હેઠળ સટ્ટાકીય આવક ગણવામાં આવે છે જેને અંગ્રેજીમાં સ્પેક્યુલેશન બિઝનેસ ઈન્કમ ગણવામાં આવે છે. આ પ્રકારના વ્યવહારો ઉપર કરદાતા પોતાના સામાન્ય રીતે લાગુ દરે ઈન્કમ ટેક્સ ભરવા જવાબદાર બને છે.

### ફ્યુચર્સ એન્ડ ઓપ્શન વ્યવહારો ઉપર ઈન્કમ ટેક્સની જવાબદારીઃ

ફ્યુચર અને ઓપ્શનમાં શેર બજારમાં વ્યવહાર કરતાં કરદાતાઓની આવક એ ઈન્કમ ટેક્સ હેઠળ ધંધાકીય આવક ગણાય છે. પરંતુ આ પ્રકારના વ્યવહાર એ સટ્ટાકીય વ્યવહારો ગણાય નહીં પરંતુ સામાન્ય ધંધાકીય આવક તરીકે ગણવામાં આવશે. ફ્યુચર્સ એન્ડ ઓપ્શનની ધંધાકીય આવક ઉપર કરદાતા પોતાને લાગુ જે તે રેઈટ ઉપર ઈન્કમ ટેક્સ ભરવા જવાબદાર બનશે.

### શેર બજારના વ્યવહારોનું નુકસાન પછીના વર્ષમાં બાદ મળે?

શેર બજારમાં વ્યવહારો કરતાં વ્યક્તિ માટે આ પ્રશ્ન ખૂબ સામાન્ય રહેતો હોય છે. કોઈ વર્ષમાં ઉદ્દભવેલ નફા સામે જૂના વર્ષોમાં થયેલ નુકસાન બાદ મળે? નુકસાન સેટ ઓફ કરવાના નિયમો અલગ અલગ માટે વ્યવહારો સામે અલગ અલગ રહેતા હોય છે. મૂડી નફાનું (નુકસાનનું) સેટ ઓફ માત્રને માત્ર મૂડી નફાની ભવિષ્યની આવક સામે થઈ શકે છે. આવકના અન્ય સ્ત્રોત સામે મૂડી નુકસાનનો સેટ ઓફ થઈ શકે નહીં. એમાં પણ, લાંબાગાળાના મૂડી નુકસાનનું સેટ ઓફ માત્ર ભવિષ્યમાં થતાં લાંબા ગાળાના મૂડી નફા સામે જ થઈ શકે છે. જ્યારે ટૂંકા ગાળાના મૂડી નુકસાનનું સેટ ઓફ ભવિષ્યમાં થતાં લાંબા ગાળાના મૂડી નફા અથવા તો ટૂંકા ગાળાના મૂડી નફા બન્ને સામે થઈ શકે છે. સટ્ટાકીય વ્યવહારો (ઈન્ટ્રા ડે ટ્રેડીંગ) અંગેનું નુકસાન માત્ર ભવિષ્યમાં ઉદ્દભવતા સટ્ટાકીય વ્યવહારોના નફા સામે જ સેટ ઓફ થઈ શકે છે. જ્યારે ધંધાકીય વ્યવહારો (F O વ્યવહારો)નું નુકસાન અન્ય ધંધાકીય આવક ઉપરાંત અન્ય આવક સામે પણ સેટ ઓફ થઈ શકે છે. એ બાબત યાદ રાખવી ખૂબ જરૂરી છે કે કોઈ પણ નુકસાન ભવિષ્યના વર્ષમાં સેટ ઓફ લેવા માટે જે વર્ષમાં નુકસાન ઉદ્દભવ્યું હોય તે વર્ષનું ઈન્કમ ટેક્સ રિટર્ન ઈન્કમ ટેક્સ હેઠળ સૂચિત સમય મર્યાદામાં ભરવું અનિવાર્ય છે. આમ, ઓડિટ સિવાયના કરદાતાઓ હોય તેઓના માટે ૩૧ જુલાઈ તથા ઓડિટ કરાવવા જવાબદાર કરદાતાઓ માટે ૩૧ ઓક્ટોબર સુધીમાં પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવામાં આવે તો જ ભવિષ્યના નફા સામે જે તે વર્ષનું નુકસાન સેટ ઓફ લઈ શકાય છે. આ તકે એક મહત્વની બાબત જાણવી જરૂરી છે કે જે તે વર્ષમાં કરદાતાને હાઉસ પ્રોપર્ટીની આવક (હાઉસિંગ લોન વ્યાજ સહિત) કે ધંધાકીય આવક (સટ્ટાકીય ધંધા સિવાયની) માં નુકસાન થયું હોય અને તેઓને તે જ વર્ષના લાંબા ગાળાના કે ટૂંકા ગાળાના મૂડી નફા સામે સેટ ઓફ મળી શકે.

શેર બજારના વ્યવહારો હાથ ધરવા એ સામાન્ય લોકો માટે જોઈએ તેટલું સહેલું નથી. એવી જ રીતે આ વ્યવહારોને ઈન્કમ ટેક્સ રિટર્નમાં દર્શાવવા પણ રમત વાત નથી. આ અંગે યોગ્ય માર્ગદર્શન મેળવી કરદાતા પોતાના ઈન્કમ ટેક્સ રિટર્ન ભરે તે ઈચ્છનીય છે. એક ટેક્સ પ્રોફેશનલ તરીકે હું ચોક્કસ માનું છું કે શેર બજારના વ્યવહાર કરતાં કરદાતાએ આ વિષય ઉપર નિષ્ણાંત ટેક્સ પ્રોફેશનલ્સનું માર્ગદર્શન લઈ પોતાનું ઈન્કમ ટેક્સ રિટર્ન ભરવું જરૂરી છે.

**(આ લેખ પર વિશિષ્ટ સૂચનો આપવા બદલ પોરબંદરના CA દિવ્યેશ સોઢાનો ખાસ આભાર)**

**(આ લેખ ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૧૮ જુલાઈ ૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે)**

# બેનામી સંપતિ બાબતે સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવ્યો મહત્વનો ચુકાદો!! બેનામી સંપતિના કાયદા અંગે જાણવું છે તમારા માટે ખૂબ જરૂરી

## માહિતીના અભાવે ઘણા વ્યવહારો એવા થઈ જતાં હોય છે જે વ્યવહારોના કારણે તમારી પ્રોપર્ટી ગણાય શકે છે બેનામી પ્રોપર્ટી !!




**તા. ૩૦.૦૮.૨૦૨૨**

બેનામી સંપતિ બાબતે હાલ સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા બેનામી સંપતિ કાયદામાં કરવામાં આવેલ સુધારાની જોગવાઈઓ, સુધારા પહેલાના વ્યવહારો બાબતે લાગુ પડે નહીં તેવો આદેશ કરવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા બેનામી ટ્રાન્સેકશન (પ્રોહીબીશન) એમેંડમેંટ એક્ટ, ૨૦૧૬ લાગુ કરવામાં આવ્યો હતો. આ સુધારા દ્વારા પ્રોહિબિશન ઓફ બેનામી પ્રોપર્ટી ટ્રાન્સેકશન એક્ટ, ૧૯૮૮ની જોગવાઈઓમાં મોટા પ્રમાણમા ફેરફારો કરવામાં આવ્યા હતા. આ સુધારો લાગુ કરવાના કારણમાં સરકાર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે ૧૯૮૮ના કાયદામાં એવી જોગવાઈઓનો અભાવ હતો જેનાથી બેનામી સંપતિને લગતા વ્યવહારો રોકવા શક્ય ના હતા. હવે આ સુધારા દ્વારા આ કાયદાનો વધુ સાર્થક રીતે અમલ થઈ શકશે તેવું માનવામાં આવી રહ્યું હતું. બેનામી સંપતિને લગતા વ્યવહારો બાબતે દંડ-સજા ૧૯૮૮થી થયેલ તમામ વ્યવહારો ઉપર લાગુ પડશે તેવી જોગવાઈ આ નવા સુધારેલા કાયદામાં કરવામાં આવી છે. યુનિયન ઓફ ઈન્ડિયા વી. ગણપતિ ડીલકોમ પ્રા. લી ના કેસમાં માનનીય સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા ૨૦૧૬ ના કાયદાની આ જોગવાઈને બંધારણથી વિરુદ્ધની ગણી રદ્દ કરવામાં આવી છે. આમ, આ ચુકાદા પ્રમાણે ૧૯૮૮ થી ૨૦૧૬ વચ્ચેના વ્યવહારોને સુધારેલા કાયદાની જોગવાઈ લાગુ પડે નહીં અને આ વ્યવહારો ૧૯૮૮ ના જૂના કાયદાની જોગવાઈઓ પ્રમાણે જ ગણવાના રહે.

### શું છે આ બેનામી સંપતિ?

બેનામી સંપતિ એટ્લે એવી સંપતિ જે બેનામી વ્યવહારો દ્વારા ધારણ કરવામાં આવી હોય.

### શું છે બેનામી વ્યવહારો?

બેનામી વ્યવહારોમાં નીચેના વ્યવહારોનો સમાવેશ થાય છેઃ

- એવા વ્યવહારો જ્યાં મિલ્કતની તબદીલી એવી રીતે હાથ ધરવામાં આવેલ હોય જ્યાં મિલ્કત એક વ્યક્તિના નામે ખરીદવામાં આવી હોય અને આ મિલ્કત ખરીદવા અંગેની રકમ અન્ય વ્યક્તિ દ્વારા ચૂકવવામાં આવેલ હોય અને જ્યાં મિલ્કતનો તાત્કાલિક કે ભવિષ્યમાં, સીધી કે આડકતરી રીતે લાભ મિલ્કત ખરીદવામાં રકમ ચૂકવનર વ્યક્તિને મળવાનો હોય.
- એવા વ્યવહાર કે જ્યાં મિલ્કતની ખરીદી જ્યારે કોઈ કાલ્પનિક વ્યક્તિના નામે કરવામાં આવેલ હોય. ઉદાહરણ તરીકે રામભરોસે કે Mr X જેવા કાલ્પનિક નામો પર થયેલ મિલ્કતની ખરીદી.
- એવા વ્યવહાર કે જ્યાં મિલ્કતના માલિક પોતાની મિલ્કત વિશે જાણ નથી અથવા તો આવી મિલ્કતના પોતે માલિક હોવાનું તેઓ નકારે છે.
- એવા વ્યવહારો કે જ્યાં મિલ્કત માટેની ચુકવણી કરનાર વ્યક્તિ મળી શકતો નથી અથવા તો આવી વ્યક્તિ કાલ્પનિક હોય.

### બેનામી વ્યવહારના આપવાદોઃ

ઉપર જણાવેલ છે તેમ બેનામી વ્યવહારો દ્વારા ધારણ કરવામાં આવેલ કોઈ પણ મિલ્કત બેનામી સંપતિ ગણાય. ઉપર જણાવેલ બેનામી વ્યવહારોમાં અમુક આપવાદો પણ આપવામાં આવેલ છે જે આપવાદો નીચે મુજબ છે.

જ્યારે કોઈ હિન્દુ અવિભક્ત કુટુંબ (HUF) દ્વારા પોતાના સભ્યોના લાભ માટે કોઈ મિલ્કત કર્તા કે કોઈ અન્ય સભ્યના નામે ખરીદવામાં આવે અને આ મિલ્કત ખરીદીની ચુકવણી HUFના જાહેર કરવામાં આવેલ આવક માંથી કરવામાં આવેલ હોય ત્યારે આવા વ્યવહાર બેનામી વ્યવહાર ગણાય નહીં.

જ્યારે કોઈ વ્યક્તિ કોઇ કાયદા હેઠળ વિશ્વાસજનક વ્યક્તિ તરીકે કોઈ મિલ્કત ધારણ કરી રહ્યા હોય ત્યારે પણ આવા વ્યવહાર બેનામી વ્યવહાર ગણાય નહીં. ઉદાહરણ તરીકે કોઈ ટ્રસ્ટી પોતાના ટ્રસ્ટ વતી, ભાગીદાર પોતાની ભાગીદારી પેઢી વતી, ડાયરેક્ટર પોતાની કંપની વતી કોઈ મિલ્કત ધારણ કરી રહ્યા હોય ત્યારે પણ આવા મિલ્કત અંગેના વ્યવહાર બેનામી વ્યવહાર ગણાય નહીં.

કોઈ વ્યક્તિ પોતાના જીવનસાથી (પતિ કે પત્ની) કે પોતાના બાળકોના નામે મિલ્કત ખરીદે અને જેની ચુકવણી તે વ્યક્તિ પોતાના જાહેર કરાયેલી આવક માંથી કરે ત્યારે પણ આવા વ્યવહાર બેનામી વ્યવહાર ગણાય નહીં.

જ્યારે કોઈ વ્યક્તિ પોતાના ભાઈ-બહેન કે સીધી લીટીના વારસદારના નામે કોઈ મિલ્કત ખરીદે અને તેની ચુકવણી પોતે પોતાની જાહેર કરેલી આવક માંથી કરે અને આ મિલ્કતમાં પોતે સહમાલિક હોય તેવા વ્યવહારો પણ બેનામી વ્યવહાર ગણાય નહીં.

જ્યારે કોઈ મિલ્કત માટે ટ્રાન્સફર ઓફ પ્રોપર્ટીઝ એક્ટ હેઠળ કબ્જા સાથેનો કરાર કરવામાં આવ્યો હોય અને આ મિલ્કતનો કબ્જો એક વ્યક્તિ પાસે હોય અને માલિકી અન્ય વ્યક્તિ પાસે હોય તેવા કિસ્સામાં આ વ્યવહારો બેનામી વ્યવહારો ગણાય નહીં. પરંતુ આવા વ્યવહારોને લગતા દસ્તાવેજની નોંધણી થયેલી હોવી અને યોગ્ય સ્ટેમ્પ ડ્યૂટી ભરેલી હોય તે જરૂરી છે.

### કોણ છે બેનામીદાર તથા બેનિફીશીયલ ઓનર??

જે વ્યક્તિ ના નામ પર મિલ્કત ખરીદવામાં આવેલ હોય તે વ્યક્તિ આ કાયદા હેઠળ બેનામીદાર તરીકે ઓળખાય છે. જ્યારે જે વ્યક્તિના હિત તથા લાભ માટે આ મિલ્કત ખરીદવામાં આવેલ છે તે વ્યક્તિ બેનિફીશીયલ ઓનર તરીકે ઓળખાય છે.

### શું આ કાયદા હેઠળ સ્થાવર તથા જંગમ એમ બન્ને મિલકતોનો સમાવેશ થાય?

હા, આ કાયદા હેઠળ મિલકતોમાં સ્થાવર તથા જંગમ એમ બન્ને મિલ્કતોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ભૌતિક તથા અભૌતિક એમ તમામ મિલ્કતોનો પણ સમાવેશ આ કાયદા હેઠળ થાય છે. ટૂંકમાં કહીએ તો આ કાયદા હેઠળ જમીન, મકાન, દુકાન, ગાડી, ઘરેણાં, રોકાણ, બેન્ક ખાતા, બેન્ક ફિક્સ ડિપોઝિટ, મ્યુચઅલ ફંડ, પેટન્ટ, કોપીરઈટ વગેરે તમામ મિલ્કતોનો સમાવેશ થઈ જાઈ છે.

### બેનામી વ્યવહારો દ્વારા એકત્રિત બેનામી મિલ્કત ઉપર શું અસર પડી શકે છે?

ઉપર જણાવેલ બેનામી વ્યવહારો દ્વારા ખરીદવામાં આવેલ મિલ્કત બેનામી સંપતિ સાબિત થાય ત્યારે આવી મિલ્કત કેન્દ્ર સરકાર દ્વારા જપ્ત કરવામાં આવે છે. આ ઉપરાંત આવા વ્યવહારો જ્યારે કોઈ કાયદાની જોગવાઈથી બચવા અથવા તો લેણદારને રકમ ચુકવણીથી બચવા કરવામાં આવ્યા હોય તેવું સાબિત થાય ત્યારે બેનામીદાર, બેનિફિશિયલ ઓનર તથા આ કાર્યમાં મદદરૂપ થનાર વ્યક્તિ ઓછામાં ઓછી ૧ વર્ષથી માંડી વધુમાં વધુ સાત વર્ષ સુધીની સખ્ત સજા થઈ શકે છે. આ ઉપરાંત આવા વ્યવહારો બદલ મિલ્કતના વ્યાજબી બજાર મૂલ્યના ૨૫% સુધીનો દંડ પણ થઈ શકે છે.

### ક્યારેક કાયદાની અજ્ઞાનતાના કારણે થઈ શકે છે મોટી ભૂલઃ

ઘણીવાર એવું ધ્યાને આવતું હોય છે કે આ બેનામી વ્યવહારોને લગતા કાયદાની અજ્ઞાનતાના કારણે કોઈ વ્યક્તિ મોટી મુશ્કેલીમાં મુકાઈ ગયા હોય. ક્યારેક કોઈ વ્યક્તિ પોતાના માતા-પિતા કે ભાઈ બહેનના નામે કોઈ મિલ્કત ખરીદતા હોય છે જેમાં પોતાનું નામ સાથે રાખતા હોતા નથી. આ નાની ગણી શકાય એવી ભૂલ ક્યારેક ભારે પડી શકે છે. ક્યારેક એવું પણ સામે આવતું હોય છે કે કોઈ સ્થાવર મિલ્કત સંદર્ભે કબ્જા સાથેનો કરાર કરવામાં આવ્યો હોય છે પણ આ કરાર રજિસ્ટર્ડ કરવામાં આવ્યો હોતો નથી, આ સમયે પણ આ નાની ભૂલ વ્યક્તિને ક્યારેક મોંઘી પડી શકે છે.

બેનામી કાયદા હેઠળ યોગ્ય તપાસ કરી તે અંગે નિર્ણય કરવાની સત્તા વિવિધ આયકર સત્તાધિકારીઓની હોય છે. કોઈ મિલ્કત સંદર્ભે બેનામી વ્યવહારો જ્યારે પકડવામાં આવે અને આ વ્યવહારો સાબિત થાય ત્યારે સમગ્ર મિલ્કત કેન્દ્ર સરકાર દ્વારા જપ્ત કરવામાં આવતી હોય છે. આ ઉપરાંત બેનામીદાર તથા બેનિફિશિયલ ઓનર બન્ને માટે સજા તથા દંડની જવાબદારી ઉદ્દભવી શકે છે. કળા નાણાં દ્વારા ઊભી કરવામાં આવેલ મિલ્કતને તો આ કાયદો ગહન રીતે અસર કરે જ છે પરંતુ ઘણીવાર જાણકારીના અભાવે કરવામાં આવેલ સાચા વ્યવહારો પણ આ કાયદાનો ભોગ બની શકે છે. આમ, આ પ્રકારની મુશ્કેલીથી બચવા આ કાયદાની પ્રાથમિક જાણકારી આપવા આ લેખમાં પ્રયાસ કરવામાં આવ્યો છે.

**(આ લેખ જાણીતા ગુજરાતી દૈનિક ફૂલછાબની વ્યાપારભૂમિ પૂર્તિમાં તારીખ ૨૯.૦૮.૨૦૨૨ ના રોજ પ્રકાશિત થયેલ છે.)**

# સવાલ આપના જવાબ 'ટેક્સ ટુડે' એક્સપર્ટના




**ટેક્સ ટુડે એક્સપર્ટઃ**
CA મોનીષ શાહ, અમદાવાદ
એડવોકેટ લલિત ગણાત્રા, જેતપુર
CA દિવ્યેશ સોઢા, પોરબંદર
એડવોકેટ ભવ્ય પોપટ

## 10th September 2022

### જી.એસ.ટી.

**અમારા વેપારી માર્કેટિંગ યાર્ડમાં અનાજ, કઠોળ, તેલીબિયા ખરીદી કરે છે. આ તેલીબિયા ઉપર શું અમર RCM ભરવાપાત્ર બને? તેઓ ખરીદી ઉપર મજૂરી પણ ચૂકવે છે. શું આ મજૂરી ઉપર RCM ભરવાપાત્ર બને? તેઓ દ્વારા ચૂકવવામાં આવતું ટ્રક ભાડું RCMને પાત્ર બને?**

જવાબઃ ના, કપાસ સિવાયના તેલીબિયા ઉપર હાલ RCM લાગુ નથી તેવો અમારો મત છે. તમારા વેપારી દ્વારા ચૂકવવામાં આવતી મજૂરી ઉપર RCM લાગુ પડે નહીં તેવો અમારો મત છે. હા, ટ્રક ભાડું GTA ગણાય અને તેના ઉપર RCM ભરવાની જવાબદારી આવે તેવો અમારો મત છે.

**અમારા અસીલ દ્વારા GSTR 1 માં એક બિલનું મૂલ્ય જે ૨૦૦૦૦ હતું તેના સ્થાને ૨૫૦૦૦ દર્શાવેલ છે. હવે GSTR 1 સુધારા કરવામાં હવે તેઓએ આ બિલ સુધારો કરી ૨૦૦૦૦ ની રકમ નાંખવાની રહે કે ૫૦૦૦ નો ઘટાડો જૂની એન્ટ્રીમાં કરવાનો રહે? – નૈમિષ દૂધત્ર, રાજકોટ**

જવાબઃ આપના અસીલના GSTR 1માં સુધારો કરવા ઇંવોઇસમાં જે અગાઉ ઇરઇ કે B2B મે એન્ટ્રી કરેલ હોય તે એન્ટ્રીમાં જઈ જ્યાં ૨૫૦૦૦ છે ત્યાં રકમ ૨૦૦૦૦ ની કરવાની રહે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ દ્વારા પોતાના તથા પોતાના પત્નીના નામે એક ફ્લેટ ખરીદવામાં આવેલ છે જેની કિંમત ૪૦ લાખ છે. પતિએ પોતાના એકલાના નામે હોમ લોન લઈ ૩૦ લાખની ચુકવણી કરવામાં આવેલ છે. પત્નીએ પોતાના ખાતામાંથી ૧૦ લાખનો ચેક આપેલ છે. સબરજીસ્ટ્રારમાં નોંધવામાં આવેલ વેચાણ દસ્તાવેજમાં બંનેના હિસ્સાનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ નથી. આ સંજોગોમાં અમારે ચોપડમાં એન્ટ્રી પાડવા તેઓની ચૂકવણી ધ્યાને લઈ ૭૫% તથા ૨૫% નો રેશિયો લેવાનો રહે કે ૫૦%–૫૦% નો રેશિયો લેવો જોઈએ? – રમેશભાઈ સોઢા, એકાઉન્ટન્ટ, જુનાગઢ**

જવાબઃ જ્યારે દસ્તાવેજમાં ખરીદનારના ભાગ વિષે કોઈ ઉલ્લેખ ના હોય અને ખરીદનારાઓ દ્વારા ચુકવણી કોઈ નિર્ધારિત રેશિયો પ્રમાણે કરેલ હોય ત્યારે મિલ્કત ખરીદી માટે થયેલ ચુકવણીના રેશિયો, જે હાલના પ્રશ્નમાં ૭૫%-૨૫% છે તે મુજબ ચોપડે ચોપડે મિલ્કત લેવી જોઈએ તેવો અમારો મત છે.

**અમારા અસીલના કેસમાં નાણાકીય વર્ષ ૨૦૧૭ ૧૮ ની સ્ક્રુટીની ઉપસ્થિત થઈ હતી. તેઓને આ સ્ક્રુટીનીમાં ૨ લાખ જેવી રકમ ભરવાની થતી હતી. આ બે લાખ પૈકી ૧ લાખ તેઓ દ્વારા ભરવામાં આવેલ છે. શું આ ૧ લાખ પહેલા વ્યાજમાં જમા થાય તેવો કોઈ નિયમ ઈન્કમ ટેક્સ હેઠળ છે? – ધ્રુવી શાહ, અમદાવાદ**

જવાબઃ હા, ઈન્કમ ટેક્સ કાયદાની કલમ 140Aના એક્સપ્લેનેશન મુજબ કોઈ પણ ટેક્સની રકમ પૂર્ણતઃ ભરવામાં આવેલ ના હોય ત્યારે આ ભરેલ રકમ પહેલા લેઈટ ફી માટે તથા ત્યાર બાદ વ્યાજ માં ભરેલ ગણાશે અને જે રકમ વધે તે રકમ ટેક્સ તરીકે જમા કરવામાં આવશે.

## 3rd September 2022

### જી.એસ.ટી.

**અમારા અસીલની નાણાકીય વર્ષ ૨૦૨૧ ૨૨ ની અમુક ક્રેડિટ લેવાની રહી ગઈ છે. આ ક્રેડિટ સપ્ટેમ્બર મહિનાના રિટર્નની ડ્યુ ડેઈટ સુધી જ લઈ શકાય છે કે સુધારેલી જોગવાઈ મુજબ ૩૦ નવેમ્બર સુધી લઈ શકાય છે? – જિજ્ઞેશ દેત્રોજા, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ જી.એસ.ટી. કાઉન્સીલ દ્વારા ભલામણ કરવામાં આવી છે કે કોઈ પણ વર્ષ માટેની ક્રેડિટ પછીના વર્ષના ૩૦ નવેમ્બર સુધી લઈ શકાય છે. પરતું આ અંગે નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું નથી. આમ, હાલની પરવર્તમાન જોગવાઈ મુજબ સપ્ટેમ્બર મહિનાના રિટર્નની ડ્યુ ડેઈટ સુધીમાં પાછલા વર્ષની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ લઈ શકાય તેવો અમારો મત છે.

**અમારા અસીલ બે વ્યક્તિના સંયુક્ત નામે કમર્શિયલ કોમ્પ્લેક્સમાં દુકાનો ધરાવે છે. આ દુકાનો બેન્કને ભાડે આપવામાં આવેલ છે. બેન્ક બન્ને વ્યક્તિના ખાતામાં ૫૦% લેખે ભાડું જમા કરાવે છે. આ બે વ્યક્તિ પૈકી એક વ્યક્તિ જી.એસ.ટી. નંબર ધરાવે છે. શું આ બે પૈકી માત્ર એક વ્યક્તિ પોતાના ભાગના ૫૦% ભાડા ઉપર જ ફોરવર્ડ ચાર્જ તરીકે જી.એસ.ટી. ભરવા જવાબદાર બને? – મયુર આર બારોટ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ જો અન્ય સહ માલિક જી.એસ.ટી. નોંધણી દાખલો મેળવવા જવાબદાર ના હોય તો માત્ર એક વ્યક્તિ જેઓ જી.એસ.ટી. નંબર ધરાવે છે તેઓ જ ફોરવર્ડ ચાર્જ મુજબ જી.એસ.ટી. ભરવા જવાબદાર બને તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ કરિયાણાના વેપાર સાથે જોડાયેલ છે. આ ઉપરાંત તેઓ કમર્શિયલ મિલ્કત ધરાવે છે જે બેન્કને ભાડે આપેલ છેજેના ઉપર તેઓ જી.એસ.ટી. પણ ફોરવર્ડ ચાર્જ તરીકે ભરે છે. આ ભાડાની આવક ધંધાકીય આવક ગણાય કે હાઉસ પ્રોપર્ટીની આવક ગણાય? – મયુર બારોટ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ માત્ર ભાડા પેટે આપેલ મિલ્કતની આવક એ હાઉસ પ્રોપર્ટીની આવક ગણાય, ધંધાકીય આવક ગણાય નહીં તેવો અમારો મત છે.

## 27th August 2022

### GST

**૧. હાલ, GSTR 3B માં થયેલા સુધારા અનુસાર ઈનેલીજીબલ ITC ઓટો ડ્રાફ્ટેડ GSTR 3B ની કોલમ 4(B)(1)માં દર્શાવે છે. ઉદાહરણ તરીકે અમારા અસીલની ઓટો ડ્રાફ્ટેડ ફોર્મમાં કુલ ITC ૧૨૦૦૦ છે જે પૈકી ૧૦૦૦૦ ઈનએલિજીબલ છે. હવે GSTR 3Bમાં અમે માત્ર ૨૦૦૦ની જ ક્રેડિટ ક્લેઈમ કરીએ અને ઈનએલિજીબલમાં કોઈ ક્રેડિટ રિવર્સ ના કરીએ તો ચાલે? – જિજ્ઞેશ દેત્રોજા, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ હાલમાં CBIC દ્વારા બહાર પાડવામાં આવેલ સૂચનાઓ મુજબ કુલ ક્રેડિટ GSTR3Bમાં દર્શાવી અને ત્યાર બાદ ઈનએલીજીબલ ક્રેડિટ રિવર્સ કરવી જોઈએ. કોઈ કરદાતા આ રીતે ન કરે અને માત્ર એલીજીબલ ક્રેડિટ જ GSTR3Bમાં ક્લેઈમ કરે તો પણ તેના ઉપર કોઈ સખત કાર્યવાહી તેવી શક્યતા રહતી નથી તેવો અમારો મત છે.

**૨. અમારા એક અસિલ પોતાના માલ વેચાણ ઉપર TCS ઉઘરાવવા જવાબદાર છે. અમારો પ્રશ્ન એ છે કે જી.એસ.ટી. હેઠળ GSTR 1 ભરવામાં ટેકસેબલ વેલ્યૂ તરીકે TCS સહિતની રકમ લેવાની રહે કે TCS વગરની? – નૈમિષ દૂધાત્રા, રાજકોટ**

જવાબઃ ઈન્કમ ટેક્સ હેઠળ TCS કરવા જવાબદાર વ્યક્તિએ પણ ટેક્સેબલ વેલ્યૂ તરીકે GSTR 1માં TCS વગરની રકમ દર્શાવવાની રહે તેવો અમારો મત છે.

### ઈન્કમ ટેક્સ

**અમારા અસીલ TCS કપાત કરવા જવાબદાર છે. અમારો પ્રશ્ન એ છે કે અમારા અસીલ TCS જી.એસ.ટી. સહિતની રકમ પર ઉઘરાવવા જવાબદાર બને કે જી.એસ.ટી. વગરની રકમ ઉપર?**

જવાબઃ TCS ઉઘરાવની જવાબદારી GST વગરની રકમ પર આવે તેવો અમારો મત છે.

## 20th August 2022

**અમારા અસીલ માત્ર સેવા પૂરી પાડે છે. શું ઇ ઈંવોઈસના નિયમ માત્ર સેવા પૂરી પાડતા હોય તેવા કરદાતાને પણ લાગુ પડે? અમારા આ અસીલ મહારાષ્ટ્ર અને ગુજરાત બન્ને રાજ્યોમાં ઓફિસ ધરાવે છે. શું ગુજરાત રાજ્ય દ્વારા મહારાષ્ટ્રમાં માલ મોકલવાનો થાય તેના માટે પણ ઇ ઈંવોઈસ બનાવવાનું રહે? – સંદીપ પંચાલ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ હા, ઇ ઈંવોઈસના નિયમ, ઇ ઈંવોઈસની મર્યાદાથી વધુ ટર્નઓવર હોય તો સેવા પૂરી પાડનાર કરદાતાઓને પણ લાગુ પડે. હા, એક વાર ઇ ઈંવોઈસની જોગવાઈ લાગુ પડે પછી પોતાની મહારાષ્ટ્રની બ્રાન્ચને કરવામાં આવતા વેચાણ માટે પણ ગુજરાતની બ્રાન્ચ દ્વારા ઇ ઈંવોઈસ બનાવવાનું રહે તેવો અમારો મત છે.

**અમારા એક અસિલે પોતાની જમીન ઉપર શેડ બનાવવા કોન્ટ્રાક્ટ એક કંપનીને આપેલ છે. આ કોન્ટ્રાક્ટમાં RCC વર્ક, ફ્લોરિંગ, સ્ટીલ, લેબર વગેરે મળી કુલ ૨.૫ કરોડ જેવો કોન્ટ્રાક્ટ થશે, જેના ઉપર કંપની જી.એસ.ટી. લગાડશે. આ શેડ તૈયાર થયા બાદ તેનો ઉપયોગ ભાડે આપવા થનાર છે જેના ઉપર અમારા અસીલ જી.એસ.ટી. ભરવા જવાબદાર બનશે. અમારો પ્રશ્ન એ છે કે શું આ ૨.૫ જેવી રકમ ઉપર લાગુ જી.એસ.ટી.ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ અમોને મળે? – મિકુલ પટેલ, ટેક્સ કન્સલ્ટન્ટ**

જવાબઃ ના, આ પ્રકારના સ્થાવર મિલકત બનાવવા માટે વર્કસ કોન્ટ્રાકટરને ચૂકવવામાં આવેલ જી.એસ.ટી. ની ઈન્પુટ ટેક્સ ક્રેડિટ જી.એસ.ટી. કાયદાની કલમ 17(5)(c) હેઠળ મળે નહીં તેવો અમારો મત છે.

### –:: ખાસ નોંધ ::–

મિત્રો, આ પ્રશ્નોના જવાબ સામાન્ય સંજોગોમાં આપવામાં આવતા હોય છે. અમારા મતે જી.એસ.ટી. ની જોગવાઈઓની ગંભીરતા સમજી તમામ કરદાતાઓએ ટેક્સ પ્રોફેશનલ્સની સેવા લેવી ખૂબ જરૂરી છે. એકાઉન્ટન્ટ મિત્રોને પણ ખાસ વિનંતી કે પોતે એકાઉન્ટન્ટની કામગીરી સારી રીતે બજાવતા હોય તે બાબત ખૂબ સારી કહેવાય પરંતુ ટેક્સ રિટર્ન ભરવા, ટેક્સ આકારણીમાં ઉપસ્થિત થવા, નોંધણી મેળવવા વગેરે જેવી કામગીરી જે તે કાયદાના નિષ્ણાંત પાસે કરવો તેવો ખાસ આગ્રહ કરવામાં આવે છે જેથી ભવિષ્યમાં કરદાતાને મોટી મુશ્કેલી પડે નહીં. જી.એસ.ટી.અંગે ના દર વિષે અભિપ્રાય આપવો ખૂબ મુશ્કેલ ગણાઈ.કારણકે જી.એસ.ટી.હેઠળ માલ તથા સેવા નો દર ઘણા પરિબળો પર નિર્ભર કરતો હોય છે.વેરા ના દર અંગે ના અભિપ્રાય માત્ર સામાન્ય સંજોગો મુજબ આપવામાં આવેલ છે.આ અંગે આપ એડ્વાન્સ રૂલિંગ દ્વારા ચોક્કસ દર જાણી શકો છો. અમારા એક્સપર્ટ ટેક્સ ટુડે ને આ સેવા વાચકો ના લાભાર્થે આપે છે.તમામ વાચકો ને વિનંતી કે પોતાના પ્રશ્નો ટેક્સ ટુડે ને નીચે આપેલ ઇ મેઈલ પર મોકલે.કોઈ પણ સંજોગો માં વાચકો ને વિનંતી કે એક્સપર્ટ્સ નો સીધો સંપર્ક બિનવ્યવસાયી રીતે ના કરવો.

આ કોલમ અંતર્ગત આપના પ્રશ્નો પૂછવા આપ અમને taxtodayuna@gmail.com પર ઇ મેઈલ કરી શકો છો. આપના પ્રશ્નોના જવાબ શક્ય એટલા જલ્દી લેવા પ્રયાસ કરવામાં આવશે.

**ડિસ્કલેમરઃ** આ કોલમ ટેક્સ ટુડે ના એક્સપર્ટ દ્વારા શક્ય તમામ કાળજી રાખી કાયદા ના પોતાના અભિપ્રાય ઉપર આપવામાં આવેલ છે. છતાં આ અભિપ્રાય તેઓના અંગત અભિપ્રાય છે. કોઈ કેસ માં તેનો ઉપયોગ કરવો કે ના કરવો તે વાચકો ના અંગત મંતવ્યો ઉપર આધારિત છે.

# બિલ્ડર-ડેવલોપર માટે જી.એસ.ટી.ની મહત્વની જોગવાઈઓ



By Kamlesh Trivedi,
Tax Consultant-Rajkot

GST ON REAL ESTATE (W.E.F) 01/04/2019

**૧) ૦૧/૦૪/૧૯ પછી નીર્માણાધીન રીચલ એસ્ટેટ પ્રોજેક્ટ અથવા On Going પ્રોજેક્ટ કે જેમણે GST નવો રેઈટનો ઓપ્સન સ્વીકારેલ છે.**

| રેસિડેન્શિયલ રીટેલ એસ્ટેટ પ્રોજેક્ટ (R.R.E.P.) | રીયલ એસ્ટેટ પ્રોજેક્ટ (R.E.P.) |
|---|---|
| ટોટલ કન્સ્ટ્રકસન કાર્પેટ એરીયામાં કોમર્સિયલ કાર્પેટ એરીયા ૧૫%થી વધુ હોવો ન જોઈએ; | અધર ધેન R.R.E.P. |
| ૧) એફોર્ડેબલ હાઈસિંગ – ઈફેક્ટીવ રેઈટ – 1% (without i.t.c) | ૧) 1% ( without i.t.c ) |
| ૨) નોન એફોર્ડેબલ હાઉસિંગ – – ૫% ('' '') | ૨) ૫% ('' '') |
| ૩) કોમર્સિયલ એપાર્ટમેન્ટ, – – ૫% ('' '') દુકાન /સોપ/ઓફીસ | ૩) ૧૨% (With i.t.c પ્રો.રેટા બેઝ એન્ટ્રી i.f.) |

On Going Projectમાં પ્રમોટરે Old Rateનો Option સ્વીકારેલ છે; તેમના માટે રેસિડેન્શિયલ પ્રોપર્ટી પર GSTનો દર @12% ( i.f /7) With ITC રહેશે. ઓપ્સન સ્વીકારવાની મુદત ૧૦/૦૫/૨૦૧૯.જે પ્રમોટર ઓપ્સન સ્વીકારશે નહિ તે અપો આપ નવા GST રેઈટમાં ગણાશે.

**૨) એફોર્ડેબલ રેસીડેન્સ એપાર્ટમેન્ટ (પ્રોપર્ટી ) એટલે શું ??**

૦૧/૦૪/૨૦૧૯ થી શરૂ થતા રેસિડેન્શિયલ બાંધકામ પ્રોજેક્ટ અથવા "On Going Project' કે જેમણે GSTનો નવો રેઈટ સ્વીકારેલ છે. (૧%).

- મેટ્રો પોલીટન સિટીઃ 60 Sq.meters કાર્પેટ એરિયા,
- નોન મેટ્રો પોલીટન સિટીઃ 90 Sq.meters કાર્પેટ એરિયા
- તથા ગ્રોસ એમાંઉન્ટ ૪૫.૦૦,૦૦૦/–કરતા વધારે હોવી જોઈએ નહિ. પાર્કિંગ ફી, પ્રાઈમ લોકેસન ચાર્જ વગેરે કુલ કિમત માં ગણવાની રહશે. બન્ને શરતોનું પાલન થવું જરૂરી છે.

મેટ્રો પોલીટન સિટી નોટીફીકેશનમાં નક્કી કરાયેલ છે, જે નીચે મુજબ છે.

બેંગ્લોર, ચેન્નાઈ, દિલ્હી CR, નોઇડા, ગ્રે.નોઇડા, ગાજીયાબાદ, ગુરુગ્રાવ, ફરીદાબાદ, હેદ્રાબાદ, કોલકાતા, મુંબઈ

**૩) "On Going Project" એટલે શું ?**

નીચેની તમામ શરતોનુ પાલન થતા PROJECTને On Going Project ગણાશે.

(i) 'Commencement Certificate' જ્યાં જરૂર છે ત્યાં ૩૧/૦૩/૨૦૧૯ પહેલા મેળવામાં આવેલ હોય તથા Earth Work For Site Preparation પૂર્ણ થયેલ હોય તથા Foundation શરૂ થઇ ગયેલ હોય તેવું સર્ટીફીકેટ–રજી. આર્કિટેક, ચાર્ટડ એન્જીનીયર, લાયસન્સડ સર્વેયર દ્વારા મેળવામાં આવેલ હોય.

(ii) જ્યાં Competent authority દ્વારા ઉપરોક્ત સર્ટીફીકેટ ની જરૂરિયાત ન હોય તેવા કેઈસ માં ૩૧/૦૩/૨૦૧૯ થયેલા Construction કાર્ય શરૂ થઇ ગયેલ હોવું જોઈએ.

(iii) ૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં Completion Certificate અથવા "First Occupation' થયેલ હોવું જોઈએ નહિ.

(iv) ૩૧/૦૩/૨૦૧૯ થયેલ પ્રોજેક્ટમાં અંશતઃ અથવા પૂર્ણ બુકીંગ થઇ ગયેલ હોવું જોઈએ નોધઃ અહી પુરવાર થવું જોઈએ કે પ્રોજેક્ટનું બુકીંગ થયેલ છે. જયારે "Advances' મેળવામાં આવેલ હોઈ તથા જરૂરી ડોક્યુમેન્ટસ (એડવાન્સ રીસીપ્ટ) વગેરે યોગ્યરીતે બનાવામાં આવેલ હોય તદઉપરોક્ત જરૂરી GST રીટર્નમાં તેની યોગ્ય નોધ કરેલ હોય (અડવાન્સીઝ)ની ત્યારે આ શરતોનું પાલન થયું ગણાય.

On Going Project અંગે ઉપરોક્ત તમામ સરતોનું પાલન અનીવાર્ય ગણાશે.

**૪) શું પ્રમોટરા બિલ્ડર જૂનો રેઈટ ૮% અથવા ૧૨% નો વિકલ્પ સ્વિકારી શકશે ??**

હા, 'on-going project'ના કેઈલ માં બિલ્ડર્સ/પ્રમોટરને જૂનો રેઈટ (૮% અથવા ૧૨% with itc) સ્વિકારવાનો option આપવામાં આવશે.

જે બિલ્ડર્સ/પ્રમોટર 'on-going project'ની શરતનું પાલન કરતા હશે, તથા તે જૂનો રેઈટમાં ચાલૂ રહેવાનો option સ્વિકારવા માગતાં હશે તો તેમને 'one time option' મળશે, તેમણે ૧૦/૦૫/૨૦૧૯ સુધીમાં jurisdictional commissioner સમક્ષ નિયત નમૂનામાં રૂબરૂ (manually) અરજી કરવાની રહેશે.

જ્યાં બિલ્ડર્સ/પ્રમોટર દ્વારા 'on-going project' માટે જૂનો રેઈટમાં ચાલૂ રહેવાની અરજી આપવામાં આવતી નથી; તેવા કેઈસમાં તેઓના રેઈટ (1% or 5%) સ્વિકારેલ છે તેમ માની લેવામાં આવશે. તથા તેમને new schemeના તમામ નિયમો આપોં–આપ લાગું પાડી પડી જશે તેમ માની લેવામાં આવશે.

૧-૪-૨૦૧૯ પછીથી શરૂ થતાં તમામ રેસિડેન્સીય પ્રોજેકટ માટેનો રેઈટ ફરજીયાત રીતે (1% or 5% with out itc) રહેશે.

**૫) Commercialapartment એટલે કે શોપ, ગોડુન, ઓફિસ વગેરેના construction પર GSTનો રેઈટશું ગણાશે?**

R.R.E.P Project' - 5 % (without itc)

R.E.P Project' - 12 % (with itc)

R.R.E.P તથા R.E.P અંગે વિસ્તૃત સમજૂતી અગાઉ અહી આપેલ છે.

૧-૪-૨૦૧૯ પછીથી શરૂ થતાં projectમાં તથા 'On Going Project'માં જે બિલ્ડર્સ/પ્રમોટરે 'New Rate'નો option સ્વિકારેલ છે તેમના માટે ઉપેરોકત રેઈટ કોમર્શિયલ પ્રોપર્ટી અંગે રહેશે.

**૬) Un Registered Person પાસેથી ગુડ્સ/સર્વિસ મેળવી શકાશે ?**

પ્રમોટર દ્વારા ૮૦% સુધીની ખરીદી ગુડ્સ/સર્વિસ જી.એસ.ટી. હેઠળ Registered person પાસેથી કરવાની રહેશે.

આવી ગણતરી કરતા સમયે, સર્વીસની વેલ્યુંમાં નીચેનાનો સમાવેશ થશે નહી.

ગ્રાન્ટ ઓફ ડેવલોપમેન્ટ રાઈટ, લોંગટર્મ લિઝ, ફ્લોર સ્પેસ ઈંડિક્ષ, ઈલેક્ટ્રી સિટી, વેલ્યુ, હાઇ સ્પીડ ડીઝલ, મોટર સ્પિરિટ, નેચરલ ગેસ જેનો કન્સ્ટ્રકશનમાં યૂઝ થાય છે.

**૭) બિલ્ડર્સ/ડેવલોપર્સ એ RCMથી વેરો ભરવાની જવાબદારીઃ**

**૧) URD સપ્લાય પર RCM**

રજીસ્ટ્રેડ વ્યકતી દ્વારા થતી સપ્લાય ૮૦%થી ઓછી થાય ત્યારે પ્રમોટરે ઘટતી રકમ પર (શોર્ટ ફોલ) 18% GST RCM basisથી ભરવાં પાત્ર થશે. તદઉપરાત સિમેન્ટ સપ્લાય પર 28% GST RCM basisથી માસીક ધોરણે જ ભરવાં પાત્ર થશે. નોટિફીકેશન મુજબ ન મળવાપાત્ર ITCની વિગત માસિક રિટર્ન 3b પત્રકમાં કોલમ 4(d)(2)માં દર્શાવવાની રહશે.




**2) TDR/FSI**

Builder /Developers Shall Be liable to pay tax an RCM basis on supply of TDR on after01/04/2019, which is attributable to the residential apartments that remain unbooked on the date of issuance of completion of the project :

(૧) લેન્ડ લોર્ડ પાર્ટી પાસેથી ડેવલોપમેન્ટ રાઈટ લીધેલ છે.

(૨) બિલ્ડર્સ/ડેવલોપર્સ એ RCMથી વેરો ભરવા પાત્ર પ્રોજેક્ટ કમ્પ્લીટ થયા બાદ અન સોલ્ડ સ્ટોક પર TDRની રકમ

(૩) કોમર્સિયલ પ્રોજેક્ટમાં પ્રમોટર/બિલ્ડર્સ RCMથી ભરવા પાત્ર થશે @18%

**૩) કન્ટ્રકશન સર્વિસ :**

અફોર્ડેબલ હાઉસિંગ અપાર્ટમેન્ટ માટે વર્કસ કોન્ટ્રાક્ટની સર્વિસ પર GST @12% લાગુ પડશે. શરત એ રહેસે કે કુલ ૫૦% કાર્પેટ એરિયા ટોટલ પ્રોજેક્ટના 'એફોર્ડેબલ' હાઉસીંગનો લેવો જોઈએ.

જો આ રેસીયો (૫૦%) પાછળથી એફોર્ડેબલ 'હાઉસીંગ'ના કેઈલમાં ઓછો થાય તો 18-12= 6% RCM ભરવા પાત્ર થશે.પ્રોજેક્ટ પૂર્ણ થયે ફરી કેલ્ક્યુલેસન કરવાનું રહશે.

**૮) New GST RATE (1% or 5 %) જેમને OPTION સ્વિકારેલ છે તેમને નોટિફિકેશન NO.3/2019ના Clause (i) થી (id)માં દર્શાવેલ શરતો ફરજીયાત લાગું પાડશે.**

મુખ્ય શરતો ;

(i) ભરવાપાત્ર GST (1% or 5%) Cash Ledger થી ભરવાપાત્ર થશે.

(ii) જે RCM થી tax ભરવાપાત્ર થશે તે પણ CASH Ledgerથી ભરવાપાત્ર થશે.

(iii) itc મળવાપાત્ર થશે નહી તથા itc રીવર્સ કરવાની થશે.

(iv) Project wise account maintenance કરવાનું રહેશે.

(v) GST-3Bમાં યોગ્ય રીતે itc રીવર્સ કરાવાની રહેશે.

**૯) On Going RREP/REP પ્રોજેકટના પ્રમોટરે GSTનો New Rate (૧% અથવા ૫%)નો option સ્વીકારેલ હોય ત્યારે તેમણે નોટીફીકેશનમાં નક્કી કરેલ ફોર્મુલા મુજબ itc જરૂર જણાયે ઘટાડવાની રહેશે.**

બાંધકામને લગતા અવેજ પર લાગતો વેરો રોકડથી ભરવાનો રાહેશે અને ખરીદી પર કે પ્રાપ્ત કરેલ સેવાઓ પર ચૂકવેલ વેરાની itc મળવાપાત્ર રહેશે નહી. સામાન્ય રીતે GSTમાં નોંધાયેલ વ્યક્તિને માલની ખરીદી કે સેવાની પ્રાપ્તિ પર ચૂકવેલ વેરાની ઈનપુટ ટેકસ ક્રેડિટ કેટલીક શરતોને અધીન મળવાપાત્ર હોય છે. પરંતું આ નોટિફિકેશનમાં વેરાના ઓછા દર નિયત કર્યાની સાથે એવી શરત છે કે આનોપૂરેપૂરો રોકડથી ભરવાપાત્ર રહેશે અને ઈનપુટ ટેકસ ક્રેડિટ મળવાપાત્ર રહેશે નહી. ફક્ત જે કેસોમાં તા ૧-૪-૨૦૧૯ના રોજ પ્રોજેકટ ચાલું હોય અને કોઈ વ્યકિત તેના ચાલું પ્રોજેકટ માટે વેરાના નવા દર પ્રમાણે તેમની વેરાકીય જવાબદારી નિભાવવા માંગતા હોય તેવી નોંધાયેલ વ્યકિતને તેમના રિયલ એસ્ટેટ પ્રોજેકટ છે કે રેસિડેન્સીયલ રિયલ એસ્ટેટ પ્રોજેકટ અનુસાર જાહેરનામાની અનુચુચીમાં આપવામાં આવેલી ફોર્મુલા પ્રમાણે ઈનપુટ ટેક્ષની ગણતરી કરી જેટલી ઈનપુટ ટેકસ ક્રેડિટ તેઓએ તા. ૧-૪-૨૦૧૯ પહેલા કરેલા સપ્લાય પેટે મળવાપાત્ર હોય તેટલી મેળવી શકાશે. ફોર્મુલા પ્રમાણે જેટલી ઈનપુટ ટેકસ ક્રેડિટ મળવાપાત્ર ન હોય તેટલી ઈનપુટ ટેકસ ક્રેડિટ ઈલેકટ્રોનિક ક્રેડિટ લેજરમાંથી બાદ કરવાની રહેશે.

**૧૦) TDR (TransferOf Development Right) FSI And Long term lease of land`f GSTનો રેઈટ અંગેઃ**

**(A) TDR**

- Residential Apartment
- Completion Certificate અથવા First occupation પહેલા 'બુક' થયેલ રેસિડેન્ટનયલ એપાર્ટમેંટ ના કેઈસમાં GST Exempt રહેશે.
- Commercial apartment
- કોર્મશીયલ પ્રોપટીના કેઈશમાં GSTનો એપ્લિકેશન દર ૧૮% રહેશે.
- પ્રમોટર GST ભરવા જવાબદાર થશે. રીવસ ચાર્જ RCM Basic થી.
- TDR: GST ભરવાની જવાબદારી ક્યારથી આવે? Onthe date of completion or first occupation બન્નેમાથી જે વહેલું હોય ત્યારે;

**(B) FSI તથા Lease પર Gst ભરવાની જવાબદારી ક્યારથી આવશે ?**

- કોંર્મશિયલ પ્રોપર્ટીના કેઈસમાં Gst તાત્કાલિક રીતે ભરવાપાત્ર થશે.
- અન્ય કેઈસમાં date of issuance or completion certificate. પ્રમોટરે RCM basic થી GST જમા કરવવાનો રહેશે.

* જે કેઈસમાં જમીનના માલિકે બાંધેલા એપાર્ટમેન્ટ ના અવેજમાં પ્રોપર્ટીના ડેવલપરને બાંધકામના હક્કો કે FSI તબદીલ કરેલ હોય તેમાં જમીનના માલિક ને જે એપાર્ટમેન્ટ આપવામાં આવે તેના પર ડેવલપર વેરો ભરવા જવાબદાર રહેશે અને જમીનના માલિકે પ્રમોટરને મેળવેલ એપાર્ટમેન્ટ પેટે જે વેરો ચુક્વેલ હોય તેની તેને ઈનપુટ ક્રેડિટ તો જ મળવાપાત્ર થશે. જો તેઓ આ એપાર્ટમેન્ટના કમ્પલિશન સર્ટીફિકટ મળે તે પહેલા અથવા તે મકાનનો પહેલો વપરાશ શરૂ થાયતો પહેલા તેને વેચે અને તેના પર તેણે પ્રમોટરને ચુક્વેલ વેરાની મળવાપાત્ર itc કરતાં વધુ વેરો ભરવાપાત્ર હોય.

**(૧૧) નવા વિકલ્પ માં કોઈ જૂનું બુકિંગ રદ્દ થાયઃ**

જુના નિયમ પ્રમાણે ૧-૪-૨૦૧૯ પહેલા સુપ્લાયર મેળવેલ બુકિંગ પર @12% GST ભર્યો હોય જ્યારે કોઈ કારણસર બુકિંગ કેન્સલ કે રદ્દ થાય ત્યારે પુરી રકમ GST સહિત પરત કરવાની થાય તેવા સંજોગોમાં ક્રેડિટનોટ ઇશ્યુ કરી શકાશે અને જુનો રેઈટ @12%ની રકમ પ્રમોટર/બિલ્ડરને ભરવાપાત્ર નવો રેઈટ (1% or 5%) સામે તે રકમ તે સરભર કરી શકાશે. સરકાર દ્વારા આ સ્પષ્ટાતા પણ કરવામાં આવેલ છે.

**(લેખક રાજકોટ ખાતે ડાયરેક્ટ તથા ઇંડાયરેક્ટ ટેક્સની પ્રેકટીસ કરતાં જાણીતા ટેક્સ કન્સલ્ટન્ટ છે.)**

◆ Year: 6, ◆ Issue No.11, ◆ Continue Issue No.71, ◆ Date: 17/09/2022, Saturday, ◆ Page-4, ◆ Retail Price: 20/-, ◆ Annual Subscription Rs.200/- ◆ Owned & Published by: Bhavya Dipakbhai Popat,
◆ Published at: 202-203, Dhruv Complex, Opp. Police Quaters, Una, Dist. Gir Somnath. ◆ Editor: Bhavya Dipakbhai Popat ◆ Printed at : Prathamesh Offset, Gondra Chowk. Una.